


ગણનાતીત ગુરુ-ઉપકાર મુજ અણુ-અણુએ રે, શબ્દોથી કેમ કથાય, નમું નમું ભાવે રે,
કહાનગુરુ તણા વસવાટ સદા મુજ દિલમાં રે, શિવપદ તક રહું તુમ દાસ-ભાવું ઉરમાં રે.

## ચૈતન્યની કોઈ અદ્‌ભુતતા ને અનુપમતા બતાવવાવાળા એક ગુરુદેવ જ હતા.

અહીં (સુવર્ણપુરીમાં) ગુરુદેવ બિરાજતા હતા અને નિરંતર તેમની ચૈતન્યરસઝરતી અમૃતવાણી વરસતી હતી. ધન્ય એવી આ નગરી! ધન્ય તે કાળ! ગુરુદેવ પરમપુરુષ હતા, મહા શક્તિશાળી હતા. ભરતક્ષેત્રમાં આ કાળે ગુરુદેવની વાણી સર્વોત્કૃષ્ટ અતિશયતાવાળી હતી; પંચમકાળમાં ભરતના જીવોનાં ચૈતન્યને જગાડનારી હતી. ગુરુદેવ જગતથી જુદા જ પડે—એમની મુદ્રા ય જુદી પડે અને વાણી ય જુદી પડે. એમની મુદ્રા જોતાં માણસો 'આ તો ધર્મપુરુષ છે' એમ છક થઈ જતા; અહો! આ તો ચૈતન્યની અતિશયતા બતાવનારી મુદ્રા! તેઓ તો ચૈતન્યરત્નને ઓળખાવનાર પરમ પુરુષ હતા. વ્યાખ્યાન વાંચતા હોય ત્યારે જુદા જ લાગે. તેમનાં ચરણોથી ભરતક્ષેત્ર શોભતું હતું. તેઓ ચૈતન્યદેવનો માર્ગ બતાવતા હતા. 'ચૈતન્યને ઓળખો....ઓળખો!' એવી ગર્જના કરતા; 'જ્ઞાયકદેવ, ભગવાન આત્મા....ભગવાન આત્મા'નો પોકાર કરતા; બધાને 'ભગવાન' કહીને બોલાવતા. પોતે તો ભગવાનસ્વરૂપે હતા. અલ્પ કાળમાં ભગવાન થઈ જવાના. ગુરુદેવના ચૈતન્યની શોભાની તો શી વાત! એમનાં પુણ્યની પણ શોભા કોઈ જુદી! એવા, બાહ્ય–અંતર પુણ્ય ને પવિત્રતાની મૂર્તિ હતાં. ભરતક્ષેત્રનાં ભાગ્ય કે ગુરુદેવ અહીં જન્મ્યા.

*

અહીંનાં (સુવર્ણપુરીનાં) સ્થાન–સ્થાનમાં, વસ્તુ–વસ્તુમાં, રજકણ–રજકણમાં ગુરુદેવનાં સ્મરણો છે. જેના ઉપર નજર પડે, તેના આશ્રયે ગુરુદેવ સ્મરણમાં આવે છે. 'હમણાં અહીં ગુરુદેવ સીમંધરનાથનાં દર્શન કરવા પધારશે, હમણાં અહીં ગુરુદેવ વ્યાખ્યાનની પાટ પર બિરાજશે ને અમૃતવાણી છૂટશે, હમણાં

[ અનુસંધાન માટે જુઓ પાનું ૩૫ ]

## જિનશાસનને પ્રાણવંતુ બનાવનાર પૂજ્ય ગુરુદેવ

હે કરુણા સાગર ગુરુદેવ! આજે ભારતભરમાં અને વિદેશોમાં વસતાં લાખો મુમુક્ષુઓનાં હૃદય આપના ઉપકાર–મહિમા વડે ઊછળી રહ્યાં છે. સાત સાત વરસના આપના વિરહ છતાં, આપના પવિત્ર હૃદયમાંથી વહેલા સાહિત્ય અને પ્રવચન ટેપરૂપી ભાજનમાં ભરેલી કલ્યાણકારી વાણીના રણકાર સાંભળીને દરેક મુમુક્ષુ પોતાને ગુરુકરુણાની શીતલ છાંયડીમાં વસતો અનુભવી રહ્યો છે, આપની અનુપસ્થિતિમાં આપના પરમ ભક્ત પ્રશમમૂર્તિ સ્વાનુભૂતિસંપન્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની છત્રછાયામાં ઉલ્લાસમય અનેકવિધ મંગલ કાર્યો વડે સુવર્ણધામ વૃદ્ધિગત થઈ રહ્યું છે એ આપના જ મહાન પ્રભાવનાઉદયનો પરમ પ્રતાપ છે.

હે ધર્મપિતા ગુરુદેવ! મુમુક્ષુ સમાજના પરમ સૌભાગ્યના પ્રતીક સમા આજના "૯૮"મી જન્મ જયંતિના માંગલિક પ્રસંગે આપના ઉપકાર મહિમાની ગુણગાથા ગાતા ગાતા આપના ચરણોમાં ભક્તિપૂર્વક કોટિ કોટિ વંદન.

—મુમુક્ષુ સમાજ વતી સંપાદક.

*

## □ વિદ્યમાન મહાપ્રભુને તું જાણ □

ભૂતકાળની અનંતી પર્યાયો અને ભવિષ્યકાળની અનંતી પર્યાયો કે જે થઈ ગઈ છે અને જે હજુ થઈ નથી તે પર્યાયો ખરેખર પ્રગટ નથી, વિદ્યમાન નથી, અવિદ્યમાન છે. છતાં જ્ઞાન તેને પ્રત્યક્ષ જાણતું હોવાથી તે પર્યાયો વિદ્યમાન છે, ભૂતાર્થ છે, એમ જાણે છે. આહાહા! ભૂત–ભાવિ પર્યાયો અવિદ્યમાન હોવા છતાં જ્ઞાનમાં સીધા જણાતા

હોવાથી જ્ઞાનમાં વિદ્યમાન જ છે, ભૂતાર્થ છે એમ જાણે છે—એ જ્ઞાનની દિવ્યતા છે! એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે! જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે તો ચૈતન્ય મહાપ્રભુ તો વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે? વસ્તુ સત્ છે ને! વિદ્યમાન છે ને! તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે જાણ ને! આહાહા! જેની હયાતી નથી તેને હયાત જાણે! તો પૂર્ણાનંદનો નાથપ્રભુ વર્તમાન વિદ્યમાન જ છે, હયાત જ છે તેને જાણ ને! ભાઈ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો. જેમાં જ્ઞાન આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ!

*

## □ મંગલ સુપ્રભાતની બોણી □

આજે સુપ્રભાત છે, આપણે કળશટીકામાં સુપ્રભાત આવે છે. ત્યાં તો અનંતજ્ઞાન, અનંતદર્શનને સુપ્રભાત કહ્યું છે, પણ સમ્યગ્દર્શન થાય, એ પણ સુપ્રભાત-બીજરૂપે સુપ્રભાત છે. અખંડ આનંદ સ્વરૂપ પ્રભુ એના આશ્રયે સમ્યગ્દર્શન થાય એ પણ એક સુપ્રભાત છે, એ દિવસ ઊગ્યો એને સુપ્રભાત છે. અહીં તો સમયસાર ૩૮મી ગાથામાં ત્યાં સુધી કહ્યું છે ને!—કે પંચમ આરાના સંત-ગુરુ અપ્રતિબુદ્ધને સમજાવે છે, આહાહા! અનાદિ અપ્રતિબુદ્ધ અજ્ઞાનીને ગુરુ વારંવાર સમજાવે છે. એનો અર્થ વારંવાર એ વિચાર કરે છે. પંચમકાળના શ્રોતાને ગુરુ સમજાવે છે. એ સાંભળીને, અંતર અનુભવીને જેને સમ્યગ્દર્શન થાય છે એ શ્રોતા એમ કહે છે કે હું એક શુદ્ધ ચૈતન્યઘન છું, દર્શન-જ્ઞાન-ચારિત્રથી પરિણમિત છું અને તે પરિણમિત થયેલી ચીજ મને ફરી પાછી પડે એવો હું નથી. આહાહા! પંચમઆરાના શ્રોતાની આ વાત! ઓછી વાત નથી. આગમ યુક્તિથી ને અનુભવથી જે અમને આત્મજ્ઞાન થયું તે હવે અમને ફરીને પડવાનું નથી. ઓહોહો! પંચમઆરાના શ્રોતાની આ દશા! ભલે કોઈ થોડા શ્રોતા પાકે પણ એ શ્રોતાની આવી જ દશા

હોય. આહાહા; શું શૈલી! જીવ અધિકાર પૂર્ણ કરતા ૩૮ ગાથામાં, પંચમઆરામાં પણ આત્માનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જેણે સાંભળ્યું, સાંભળીને જેણે મનન કર્યું, ધ્યાનમાં જેને પ્રાપ્ત થયું એ શ્રોતા એમ કહે છે કે અમારું આ સમ્યગ્દર્શન-જ્ઞાન અપ્રતિહત છે. એ પાછું ફરવાનું નથી. અરે, પંચમ આરાના શ્રોતા ભગવાન પાસે ગયા નથી ને! કહે છે કે ભગવાન પોતે છે એની પાસે ગયો છે તેથી એને અંતરમાં એવું અપ્રતિહત દર્શન થયું છે. આહાહા! ગજબ વાત છે. એનું નામ જઘન્યભાવની-શરૂઆતની સુપ્રભાત કહેવામાં આવે છે.

ઉત્કૃષ્ટ ભાવરૂપ કેવળજ્ઞાન એ તો અત્યારે નથી છતાં પણ જે સમ્યગ્દર્શન પામેલ છે એને અલ્પ ભવમાં કેવળજ્ઞાન થવાનું જ છે. એમાં કાંઈ ફેરફાર છે જ નહીં તેથી તેને જે સુપ્રભાત ઉદ્યોત થવાનું છે એનું અત્યારે જ માંગલિક કરે છે કે અમે સર્વજ્ઞપણું પામવાના છીએ, અમને કેવળજ્ઞાન થવાનું છે. ઓહોહો! આનું નામ મંગલ સુપ્રભાત છે. 'મમ' નામ પરનો અહંકાર, એને 'ગલ' નામ જેણે ગાળ્યો છે તે માંગલિક છે. આહાહા! રાગ ને પર્યાયનું અહમ્‌પણું એવો જે મિથ્યાત્વભાવ તેને, શુદ્ધ ચૈતન્યઘનમાં અહમ્‌પણું માનીને, જેણે ગાળ્યો તેને અહીંયા માંગલિક કહેવામાં આવે છે.

ખરેખર તો પંચપરમેષ્ઠી-અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, ને સાધુપણું એ આત્માનું જ સ્વરૂપ છે.-એમ યોગીન્દ્રદેવમાં આવે છે. આત્મામાં જ અર્હંતપણું, સિદ્ધપણું, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુપણું-પંચપરમેષ્ઠીપણું ભરેલું છે. આત્મા પોતે જ પંચપરમેષ્ઠી સ્વરૂપ છે. આહાહા! એને (-આત્માને) અહીં માંગલિક તરીકે, ઉત્તમ તરીકે, શરણ તરીકે કહેવામાં આવ્યો છે.

*

## □ પંચમકાળના પ્રતિબુદ્ધ શ્રોતાનો પડકાર □

જેને સમ્યગ્દર્શનમાં અને સમ્યગ્જ્ઞાનમાં પૂર્ણાનંદનો નાથ આનંદસ્વરૂપ ભાસ્યો છે તે એમ જાણે છે કે પરદ્રવ્ય-પરમાણુમાત્ર

પણ મારાપણે ભાસતું નથી. આહાહા! અમે અમારા પરમાનંદના નાથને જોયો—જાણ્યો—અનુભવ્યો! હવે અમને જગતના કોઈ પદાર્થો મારાપણે ભાસતા નથી. અરે! અમને અમારા નાથના દર્શન થવામાં જેમનો પરમ ઉપકાર છે એવા ત્રણલોકના નાથ પણ હવે મને મારાપણે ભાસતા નથી. આહાહા! જેને અંતરનો નાથ જાગ્યો છે એ શું કહે છે?—કે હવે મને એ પરદ્રવ્યો ભાવકપણે કે જ્ઞેયપણે મારી સાથે એક થઈને, ફરીને મને મોહ ઉત્પન્ન કરે—એમ અમને ભાસતું નથી. કારણ કે ચૈતન્યના નિજરસથી જ મોહને મૂળથી ઉખેડીને ફરી તે મોહનો અંકુર ન ઊપજે એવો નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ અમને પ્રગટ થયો છે. આહાહા! પંચમકાળનો શ્રોતા કે જેને આવા ગુરુ ને વાણી મળ્યા છે તે એમ કહે છે અમને જે દૃષ્ટિ ને દૃષ્ટિનો વિષય મળ્યો એ ત્રણકાળમાં ફરે તેમ નથી. આહાહા! આવી વાણી કાને પડી ને અંદરમાં તળને જોયું—જાણ્યું—અનુભવ્યું ને મોહનો નાશ કર્યો એ શ્રોતા અપ્રતિહતભાવે ઊપડ્યો છે. હવે અમે પાછા નહીં પડીએ—એમ સમજીને પંચમકાળનો શ્રોતા આમ કહે છે. આહાહા! શું ગાથા! ટીકા! ને એ ભાવોને સમજનાર શ્રોતાનો પડકાર!

*

"હે જ્ઞાનના ઇચ્છક પુરુષ! સાંભળ!"

## □ મિથ્યાત્વાદિ ભાવકર્મને પુદ્‌ગલદ્રવ્ય જો કરે તો □ ભલે કરે! તેમાં જીવને શું આવ્યું ?

શ્રી સમયસારની ગાથા ૧૦૯–૧૧૨ માં કહે છે કે હે જ્ઞાનના ઇચ્છક પુરુષ! સાંભળ! જે મિથ્યાત્વાદિ ભાવકર્મ છે તેનો કર્તા એક પુદ્‌ગલદ્રવ્ય જ છે, જીવ તેનો કર્તા નથી. મિથ્યાત્વથી માંડીને સયોગી-કેવળી સુધીના તેર ગુણસ્થાનભેદો કે જેઓ પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે તેઓ જ વ્યાપ્ય–વ્યાપકભાવે મિથ્યાત્વાદિ ભાવકર્મને જો કરે તો ભલે કરે! જીવને તેમાં શું

આવ્યું? જીવ તો એકલો શુદ્ધ જ્ઞાનાનંદમય છે. આહાહા! જે જીવને આત્માની જિજ્ઞાસા થઈ છે ને સાંભળવા આવ્યો છે તેને હજુ થોડો કાળ મિથ્યાત્વાદિ ભાવ ભલે હો પણ તે શુદ્ધ જીવનું લક્ષ કરવાનો જ છે તેથી મિથ્યાત્વાદિ બધા ભાવો અલ્પકાળમાં ટળી જવાના છે. તેથી તે મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા પુદ્‌ગલ છે, શુદ્ધ જીવ કર્તા નથી, આહાહા! સયોગી કેવળી ગુણસ્થાનને પણ અચેતન કહ્યું! હે જ્ઞાનના ઇચ્છક શ્રોતા! સાંભળ!—એમ કહીને આ ગાથામાં અપૂર્વ વાત કરી છે. અહીં તો એવો જીવ લીધો છે કે જેને હજુ મિથ્યાત્વ છે, આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે તેનો હજુ વિશ્વાસ આવ્યો નથી, તેને વિશ્વાસ કરાવે છે. મિથ્યાત્વાદિ તેર ગુણસ્થાનો છે તે અશુદ્ધ નિશ્ચયથી જીવના પરિણામ છે, પર્યાયમાં પોતાની યોગ્યતાથી થાય છે તેને વ્યવહાર કહીને શુદ્ધ જીવમાં નથી તેથી તે અત્યંત અચેતન હોવાથી પુદ્‌ગલના કહ્યાં છે. એ મિથ્યાત્વાદિ ભાવકર્મને થોડો કાળ પુદ્‌ગલદ્રવ્ય કરે તો ભલે કરે! એમાં શુદ્ધ જીવને શું આવ્યું? કાંઈ જ નહીં. થોડા જૂના આસ્રવો છે તે નવા આસ્રવોને કરે તો કરો!—એ બધો પુદ્‌ગલ કર્મનો પાક છે. તેને શુદ્ધ જીવદ્રવ્ય કેમ કરે? આહાહા! શુદ્ધ જીવ એ મિથ્યાત્વાદિ ભાવકર્મને કરતો નથી અને ભાવ્યભાવક ભાવનો અભાવ હોવાથી વેદતો પણ નથી. અહીં તો શુદ્ધ જીવને નિરાળો સિદ્ધ કરવો છે. આત્મા તો આનંદનો ઢગલો છે, જ્ઞાનનો ઢગલો છે, શાન્તિનો ઢગલો છે, એ રાગાદિ અચેતન ભાવોને કેમ વેદે—ભોગવે? અનીન્દ્રિય આનંદથી ઠસોઠસ ભરેલો ચૈતન્યવજ્ર છે તે રાગને કેમ વેદે? ભલે હજુ છે તો મિથ્યાત્વ, પણ એ મિથ્યાત્વભાવને પુદ્‌ગલદ્રવ્ય કરે તો કરો!—એમાં જીવને શું? થોડો કાળ મિથ્યાત્વ છે તે નાશ થવાનું છે એવા જીવની વાત કરે છે. અહીં સાંભળનાર જિજ્ઞાસાથી સાંભળે છે તેને દ્રવ્ય ઉપર લક્ષ કરાવવા, મિથ્યાત્વાદિ ભાવનો કર્તા પુદ્‌ગલ છે તેમ કહીને, શુદ્ધ જીવ કે જે અતીન્દ્રિય આનંદથી ઠસોઠસ ભરેલો છે તેની દૃષ્ટિ કરાવે છે. આહાહા! આ તો અધ્યાત્મના અંતરના માખણની વાતો છે! ભાગ્યશાળી ને કાને પડે એવી વાત છે.

*

# □ મુક્તિ હાથમાં આવી ગઈ □

પ્રશ્ન:—ધ્રુવમાં એકાગ્રતા કરવા ધ્રુવને ક્યાં શોધવો?

ઉત્તર:—એ પોતે જ ધ્રુવસ્વરૂપ વસ્તુ છે. વસ્તુ છે જ એને ક્યાં શોધવા જવું છે? એક સમયની પર્યાય છે એ કોના આધારે છે? વસ્તુ છે, છે ને છે. એક સમયની પર્યાયમાં પહેલાં ધ્રુવ વસ્તુનું માહાત્મ્ય આવવું જોઈએ. સર્વજ્ઞે જેના ગુણગાન કર્યા છે એવી અનંત અપાર અપાર મહિમાવાળી ચીજ આત્મા છે કોણ?—કે જેના સામર્થ્યનો પાર નથી એવી મહિમાવાળી વસ્તુનો જ્ઞાન પર્યાયમાં નિર્ણય કરતાં એ ધ્રુવ વસ્તુનો મહિમા આવે છે. એ મહિમાં આવતાં આવતાં જેવું સ્વરૂપ છે એવો મહિમા આવતાં પર્યાય ધ્રુવમાં ઢળી જાય છે. આહાહા! અનંત-અનંત ગુણનો પિંડ પ્રભુ છે એના દરેક ગુણો મુક્તસ્વરૂપ છે, વીતરાગ સ્વરૂપ છે એનું જ્ઞાન થઈને પ્રતીત થઈ એટલે બસ! ખલાસ થઈ ગયું! મુક્તિ પ્રતીતમાં આવી એટલે હાથમાં આવી ગઈ!

પ્રશ્ન:—આપશ્રીએ ધ્રુવનો મહિમા લાવવા કહ્યું પણ મહિમા આવે કેમ?

ઉત્તર:—એનું શું કહેવું? આત્મા અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ છે. એનું અપાર અપાર સામર્થ્ય છે. અતીન્દ્રિયજ્ઞાન, અતીન્દ્રિય આનંદ જેની પ્રભુતાનો પાર નહીં, જેની સ્વચ્છતા આદિ અપાર શક્તિઓના સામર્થ્યનો મહિમા ભાસતાં અને રાગ તુચ્છ, તુચ્છ એમ રાગની તુચ્છતા થઈને સ્વભાવની પ્રભુતા ભાસતાં, વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ અતીન્દ્રિય આનંદ આવ્યા વિના રહે જ નહીં! રાગ ને સંસારી હું છું જ નહિ, હું વીતરાગી ને અસંસારી છું, એવી દૃષ્ટિનું જોર ધ્રુવ દ્રવ્ય તરફ જતા પર્યાય ધ્રુવમાં ઢળી જાય ને અતીન્દ્રિય આનંદ આવે જ. આહાહા! અનંત અનંત વીતરાગી અસંસારી ગુણોનું ગ્રહણ અને અનંત સંસારનો ત્યાગ એ ઓછો ત્યાગ છે? રાગનો ને સંસારનો દૃષ્ટિમાં ત્યાગ થયો એ જ ખરો

ત્યાગ છે. પરવસ્તુનો ત્યાગ એ ખરો ત્યાગ જ નથી, એ દૃષ્ટિ જ વિપરીત છે. દૃષ્ટિમાં રાગનો ત્યાગ થઈ અનંત અનંત વીતરાગી મુક્તસ્વભાવી ગુણોનું ગ્રહણ થયું એની તો જગતને કાંઈ કિંમત નથી.

❋

## □ ગણધરો તથા શ્રુતધરોએ કથેલું પરમ તત્ત્વ □

"ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ નિયમસારમાં કહે છે કે 'સેંકડો પરમ અધ્યાત્મશાસ્ત્રોમાં કુશળ એવા મેં જિનેશ્વરદેવની આ વાત, પૂર્વાપર વિરોધ આદિ સૌ દોષ રહિત, જાણીને કહી છે.' અને ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારીદેવ ટીકા કરતાં કહે છે કે 'ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા આ પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ? અર્થાત્ આ શાસ્ત્રની ટીકામાં કહેલા ભાવોનું વસ્તુસ્વરૂપનું નિરૂપણ અમે નવું કર્યું નથી પણ ગણધર આદિ શ્રુતધરોની પરંપરાથી ચાલ્યું આવે છે. એવા આ પરમાગમમાં એમ કહ્યું છે કે કારણ-પરમાત્મા તે જ ખરેખર આત્મા છે અને કારણપરમાત્મા જ ખરેખર મોક્ષમાર્ગનો હેતુ છે. અહીં ત્રિકાળી પરમપારિણામિકભાવને ધ્યેય બતાવવું છે, તેથી પ્રગટ થતી મોક્ષમાર્ગરૂપ નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય તેમ જ પરસ્વભાવ કહીને આશ્રય કરવા યોગ્ય નથી—એમ કહ્યું છે. જેમ પરદ્રવ્યના આશ્રયથી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી તેમ નિર્મળ પર્યાયના આશ્રયથી પણ નવી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી, તેથી તેને પરસ્વભાવ તથા પરદ્રવ્ય કહ્યું છે. અહીં ભગવાનની ગાદીએ બેસીને અંદરથી વાત આવે છે તે પરમાત્માની કહેલી આવે છે. આજે અહીં બેસતાની સાથે જ વિચાર આવ્યો હતો કે પ્રભો! આ વાત આપની જ છે.

❋

## □ સમ્યગ્દર્શનના આરોહણનો દિવ્ય સંદેશ □

આજે માગસર વદ ૮ના રોજ ભગવાન શ્રી કુંદકુંદદેવનો આચાર્યપદારોહણનો પાવન દિવસ છે, અને કુદરતી ક્રમ આજે વીતરાગી જૈનદર્શનના પ્રાણ સમી સમયસારની ૧૧મી ગાથામાં સમ્યગ્દર્શન-આરોહણનો કાળ કેવો હોય તેની વાત આવી છે. આ સમયસારમાં પરમ અધ્યાત્મની ગહન વાત છે. ભગવાન તીર્થંકર જિનેન્દ્રના મુખકમળમાંથી નીકળેલી વાણીને શ્રી કુંદકુંદઆચાર્યે જગત સમક્ષ જાહેર કરી છે. જન્મ-મરણના અંત આવે એવા અમૃતસાગરની વાત છે. ભગવાન આત્મા જ્ઞાનામૃતના સાગરથી ભરેલો છે, તેની આ વાત છે. શુદ્ધનય એક જ વસ્તુને સત્યરૂપે પ્રગટ કરતો હોવાથી સત્યાર્થ છે, ભૂતાર્થ છે. વ્યવહારનય બધોય, જૂઠા અર્થને પ્રગટ કરતો હોવાથી અસત્યાર્થ છે. ત્રિકાળી શુદ્ધ અભેદ ભગવાન આત્મા કે જે સદાય વિદ્યમાન છે, પ્રગટ છે, તેને શુદ્ધનય એક જ પ્રગટ કરતો હોવાથી-બતાવતો હોવાથી તે ભૂતાર્થ છે. આવા ભૂતાર્થ સ્વભાવના આશ્રયથી જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. પહેલી ગાથામાં સિદ્ધપણાની સ્થાપના કરાવી, છઠ્ઠી ગાથામાં સિદ્ધપણું પામવાના છઠ્ઠીના લેખ લખાયા અને આ અગિયારમી ગાથામાં સિદ્ધ થવાનું સાક્ષાત્ કારણ એવા ભૂતાર્થ શુદ્ધાત્મદ્રવ્ય-સ્વભાવનો આશ્રય કરાવ્યો.

*

## □ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ; વ્યવહારના પક્ષનું ફળ સંસાર. □

આ ભરતક્ષેત્રના અદ્વિતીય જગતચક્ષુ સમાન શ્રી સમયસાર શાસ્ત્રની ૧૧ મી ગાથા જૈનદર્શનના પ્રાણ સમી છે. અનાદિ કાળથી આજ પર્યંત જે સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું નથી તેની પ્રાપ્તિની વિધિ ને રીત ભગવત શ્રી કુંદકુંદદેવે અહીં વર્ણવી છે.

જેના ગ્રહણનું ફળ પરમાનંદની પ્રાપ્તિ સ્વરૂપ મોક્ષ છે, એવા શુદ્ધનયને જીવે કદી ઉપાદેય કર્યો નથી ને એકલા વ્યવહારમાં મગ્ન રહ્યો છે તેથી અનુભૂતિ સ્વરૂપ આત્માની પ્રતીતિ થઈ નથી. વ્યવહાર-નય પરમાર્થનો પ્રતિપાદક હોવા છતાં અને જિનવાણીમાં તેનો ઉપદેશ કર્યો હોવા છતાં વ્યવહારનય અવલંબન કરવા યોગ્ય નથી, પરંતુ વ્યવહાર દ્વારા જેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, એવો જે સકલનિરાવરણ—અખંડ–એકપ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર–શુદ્ધ–પારિણામિકપરમભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય છે તે એક જ અવલંબન કરવા યોગ્ય છે, તે એક જ ઉપાદેય છે અને જન્મ–મરણની બેડી તોડી નાખવાનો આ એક જ ઉપાય છે. પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિનો જ છે અને તેઓ પરસ્પર વ્યવહારનો ઉપદેશ પણ કરે છે, અને જિનવાણીમાં પણ વ્યવહારને શુદ્ધનયનો હસ્તાવલંબરૂપ જાણી તેનો ઉપદેશ બહુ કર્યો છે; પણ તેનું ફળ સંસાર જ છે. જેમ કે; જ્ઞાનથી મોક્ષ થાય છે, ત્યાં નીચલી દશામાં સાથે રાગની મંદતાનો વિકલ્પરૂપ વ્યવહાર હોય છે તેથી ક્રિયાથી મોક્ષ થાય છે એમ વ્યવહારથી શાસ્ત્રમાં કહ્યું છે. મુનિને શ્રાવક આહાર આપે છે, આહાર શરીર ટકવામાં નિમિત્ત અને શરીર સંયમમાં નિમિત્ત છે. સંયમથી મુનિ મોક્ષ સાધે છે, તેથી મુનિને આહારદાન દેવાથી શ્રાવકે મુનિને મોક્ષ આપ્યો—એમ ઉપચાર–પરંપરાથી કહેવામાં આવે છે. પૂજા–ભક્તિ, વાત્સલ્ય, પ્રભાવના, આદિ શુભરાગ શ્રાવકને પરંપરાએ મોક્ષનું કારણ શાસ્ત્રમાં કહ્યું છે; વ્યવહાર સાધન છે અને નિશ્ચય સાધ્ય છે, એવું કથન શાસ્ત્રમાં આવે છે; કેવળી–શ્રુતકેવળીના પાદમૂલે જ ક્ષાયિક સમ્યગ્દર્શન થવાનું કહ્યું છે. સતસંગથી, જિનવાણીથી, ગુરુથી, જિનપ્રતિમાથી, દેવઋદ્ધિ-દર્શનથી, નારકીને વેદનાથી સમ્યગ્દર્શન થવાનું શાસ્ત્રમાં કથન આવે છે. વ્યવહારથી નિશ્ચય ધર્મ પ્રગટે છે એમ વ્યવહારને શુદ્ધનયનો હસ્તાવલંબ–સહાયક જાણીને અનેક પ્રકારનાં વ્યવહારનાં કથનો શાસ્ત્રમાં આવે છે, પણ જો તેને પરમાર્થ માની લે તો તેનું ફળ સંસાર જ છે, કેમ કે જે કોઈ વ્યવહાર છે તે બધો શુભરાગરૂપ

હોવાથી તેના આશ્રયથી સંસાર જ ફળે છે. શુદ્ધનયનો પક્ષ તો પ્રાણીઓને કદી આવ્યો નથી ને તેનો ઉપદેશ પણ વિરલ છે. તેથી ઉપકારી શ્રીગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ કર્યો છે કે "હે જીવો! શુદ્ધનય એક જ ભૂતાર્થ, સત્યાર્થ છે અને તેના આશ્રયે જ સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે માટે તમે શુદ્ધનયને જ અંગીકાર કરો.

પ્રશ્ન:—વ્યવહારનું ફળ સંસાર છે, તો સંસાર ફળે એવા વ્યવહારનો ઉપદેશ જિનવાણી કેમ આપે છે?

ઉત્તર:—વ્યવહાર વિના પરમાર્થનું સમજાવવું અશક્ય હોવાથી વ્યવહાર દ્વારા એટલે કે 'જ્ઞાન તે આત્મા' એમ અભેદમાં ભેદ ઉપજાવીને વ્યવહારીજનને વ્યવહાર વડે સમજાવતાં તે પાત્ર શિષ્ય પરમાર્થરૂપ આત્માને સમજી જતો હોવાથી શાસ્ત્રમાં વ્યવહારનો ઉપદેશ આપવામાં આવે છે. પરંતુ તે વ્યવહાર અનુસરવા યોગ્ય નથી, આદરવા યોગ્ય નથી, ઉપાદેયરૂપ નથી.

*

## □ મનુષ્યપર્યાયની અતિ અતિ દુર્લભતા □

ઘણાં લોકો સ્વર્ગના દેવની વાત સાંભળે ત્યાં આશ્ચર્ય પામે છે, પણ ભાઈ! એ સ્વર્ગ કાંઈ આશ્ચર્યકારી વસ્તુ નથી. તું પોતે અનંતવાર ત્યાં જઈ આવ્યો છે. સ્વર્ગના અસંખ્ય અવતાર થાય ત્યારે મનુષ્યનો એક અવતાર થાય; બીજી રીતે કહીયે તો જીવોમાંથી અસંખ્ય જીવો જ્યારે સ્વર્ગમાં જાય ત્યારે માત્ર એક જીવ મનુષ્યમાં અવતરે. આવું મોંઘું મનુષ્યપણું છે; ને દેવપણું તો તેના કરતાં અસંખ્યગણું સસ્તું છે.

આત્માના અજ્ઞાનથી ચાર ગતિમાં ભમતાં જીવે સૌથી વધુ ભવ એકેન્દ્રિયાદિ તિર્યંચગતિના કર્યા છે; તે ઉપરાંત મનુષ્ય, નરક, અને સ્વર્ગના અવતાર પણ અનંતવાર કર્યાં છે. તેમાંય મનુષ્ય કરતાં

નરકનાં ને નરક કરતાંય સ્વર્ગના અવતાર અસંખ્યગુણાં કર્યાં છે. સરેરાશ અસંખ્ય અવતાર સ્વર્ગના ને નરકનાં કરે ત્યારે એક અવતાર મનુષ્યનો મળે; આવી મનુષ્ય અવતારની દુર્લભતા છે, ને આવા દુર્લભ મનુષ્ય અવતારમાં પણ જૈનધર્મનો વીતરાગી ઉપદેશ સાંભળવા મળવો બહુ દુર્લભ છે. આવો દુર્લભ અવતાર અને વીતરાગી જૈનધર્મનો ઉપદેશ તને અત્યારે મહાભાગ્યે મળ્યો છે, તો હવે તું શીઘ્ર જાગ, ચેતીને સાવધાન થા, ને આત્માની ઓળખાણ વડે સમ્યક્જ્ઞાન પ્રગટ કરીને ભવદુ:ખનો અંત કર.

*

## □ ભવ્યોએ કર્ણરૂપી ખોબાથી પીવા યોગ્ય અમૃત □

સર્વજ્ઞ ભગવાને કહેલાં પરમાગમનાં વચનો કેવાં છે તે આચાર્યદેવ કહે છે. પરમાગમનાં વચનો પૂર્વાપર વિરોધ વગેરે દોષોથી રહિત છે. પાપક્રિયા શૂન્ય હોવાથી શુદ્ધ છે અને ભવ્યોએ કર્ણરૂપ ખોબાથી પીવાયોગ્ય અમૃત છે, એ પરમાગમ મહા આનંદના લાભરૂપ મુક્તિરૂપી સુંદરીને બતાવનાર હોવાથી દર્પણ સમાન છે. સંસારસમુદ્રમાં ડૂબતા ભવ્ય જીવોને હસ્તાવલંબન તૂલ્ય છે; તે વૈરાગ્યરૂપી મહેલનો શિખામણિ છે કેમકે સ્વ પદાર્થનો મહિમા બતાવી પરપદાર્થથી ઉદાસીનતા કરાવે છે. શુભાશુભ ભાવોથી પણ તે વૈરાગ્ય કરાવે છે; જેનો કદી અનુભવ થયો નથી એવા મોક્ષમહેલનું તે પ્રથમ પગથિયું છે; વળી તે કામભોગથી ઉત્પન્ન થતાં રાગરૂપ અંગારા વડે શેકાતા દીનજનોનાં મહાક્લેશનો નાશ કરવા માટે પાણીથી ભરેલાં વાદળાં સમાન છે. એવાં તે પરમાગમમાં સાત તત્ત્વો અને નવપદાર્થો બતાવ્યાં છે. તેને યથાર્થ જાણીને ભવ્ય જીવ અમૃતસ્વરૂપ નિજ આત્મામાં અંતર્મુખ થાય છે.

*

* પર્યાયનો ફેર ભાંગવા માટે દ્રવ્ય-ગુણમાં ફેર નથી એવી દૃષ્ટિ કરતાં પર્યાયનો ફેર ભાંગીને પરમાત્મા થાય છે. (પૂ. ગુરુદેવ)

# □ શુદ્ધાત્માની અનુભૂતિ તે જ જિનશાસનનો અનુભવ □

સમયસારની ૧૫ મી ગાથા જૈનદર્શનના રહસ્યની ગાથા છે.
જે જીવ અબદ્ધસ્પૃષ્ટ આદિ પાંચભાવોથી રહિત એવા શુદ્ધ આત્માને
અનુભવે છે તે સંપૂર્ણ જિનશાસનને અનુભવે છે. રાગસહિત આત્માને
દેખે છે, અનુભવે છે તે જિનશાસન નથી. જે દયા, દાન, પૂજા,
ભક્તિ આદિ અનેક પ્રકારના શુભરાગ સહિત આત્માને અનુભવે છે
તે જિનશાસનને અનુભવતો નથી. રાગાદિ રહિત શુદ્ધ આત્મસ્વભાવને
અનુભવે છે, દેખે છે, તે સર્વ જિનશાસનને અનુભવે છે. દ્રવ્યશ્રુતમાં
એમ કહ્યું છે કે શુદ્ધોપયોગરૂપ ભાવશ્રુતજ્ઞાન તે જિનશાસન છે.
દ્રવ્યશ્રુતની રચનામાં એમ આવ્યું છે કે અબદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ-
સ્વરૂપ આત્મા છે તેને અનુભવવો એ ભાવશ્રુત છે ને તે જ જિન-
શાસન છે. આત્મા વીતરાગ સ્વભાવનો પિંડ છે. બીજી રીતે કહીયે
તો આત્મા અકષાયસ્વરૂપ છે. ત્રીજી રીતે કહીયે તો આત્મા જિન-
સ્વરૂપ છે. 'જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ,' આત્મા
કારણપરમાત્મસ્વરૂપ છે. अप्पा सोही परम अप्पा.

ત્રિકાળી શુદ્ધ આત્માની અનુભૂતિ થઈ તે ભાવશ્રુતજ્ઞાન છે ને
તે જ આત્મા છે ત્રિકાળી શુદ્ધ આત્માને વિષય કરનાર જે ભાવશ્રુત-
જ્ઞાનની અનુભૂતિ છે તે અનુભૂતિને જ અહીં આત્મા કહ્યો
છે. વીતરાગી પરિણતિ થઈ તેને જ આત્મા કહ્યો છે. નિયમસારમાં
કેવળજ્ઞાન ક્ષાયિક આદિ ભાવોને વિભાવભાવ કહ્યા છે તે બીજી
અપેક્ષાથી છે. અહીં બીજી વાત છે. ત્રિકાળી શુદ્ધાત્માના
આશ્રયથી જે શુદ્ધોપયોગરૂપ અનુભૂતિની નિર્મળ પર્યાય પ્રગટ થઈ
છે, તેને જ અહીં આત્મા કહેવામાં આવ્યો છે. શુદ્ધાત્માનો નમૂનો,
તેની જાત, તેના અંશરૂપ જે ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થયું છે તેને જ
અહીં આત્મા કહ્યો છે. તેને જ સર્વ જિનશાસન કહ્યું છે. આ તો
કુંદકુંદાચાર્યદેવના કથનો છે તેના ભાવો ગહન અને ચમત્કારિક છે.

## □ તું જેવો છો તેવો થા □

ભગવાન! તું આનંદ સ્વરૂપ છો, રાગ ને વાણી આદિ જડને અડવા જેવું નથી. એનાથી આભડછેટ લાગે છે. તું ભગવાન સ્વરૂપ જ છો ને તારે ભગવાન થવું પડશે ભાઈ! ઘોર સંસારનું કારણ એવી પ્રશસ્ત ને અપ્રશસ્ત વચનરચના અને કનક–કામીનીના મોહથી આભડછેટ લાગે છે એને છોડીને અને પશુ સમાન અજ્ઞાની જીવકૃત લૌકિક ભયને છોડીને તું જેવો છો એવો થા! અને તું જેવો નથી તેને છોડી દે! તું જ્ઞાનાનંદ સ્વરૂપ પરમાત્મા છો, એની શ્રદ્ધા કરીને એવો થા! અને ઘોર સંસારના કારણભૂત રાગાદિરૂપે તું નથી એને છોડી દે! આહાહા! દિગંબર સંતોએ મોક્ષને હથેળીમાં બતાવ્યો છે. પ્રભુ! તું મુક્ત સ્વરૂપ છો. એની શ્રદ્ધા-જ્ઞાન કરીને ઠરતાં મોક્ષ થાય છે.

*

## □ જો તું શક્તિહીન હો તો નિજ-પરમાત્માનું શ્રદ્ધાન કરજે □

હે મુનિ શાર્દૂલ! સંહનન અને શક્તિ હોય તો નિશ્ચય પ્રતિક્રમણ, નિશ્ચયપ્રત્યાખ્યાન, નિશ્ચયઆલોચના વગેરે શુદ્ધ નિશ્ચય ક્રિયાઓ જ કર્તવ્ય છે. જો આ દગ્ધકાળમાં તું શક્તિહીન હો તો તારે કેવળ નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે. સ્વાભાવિક વસ્તુ સ્વભાવથી જ પ્રગટ થાય એવી શ્રદ્ધા પાકી રાખજે પણ ખોટો બચાવ કરીશ નહિ કે થોડીક ગુરુની સહાય તો હોવી જોઈએ ને! નિમિત્તથી થોડું તો થાય ને!—એવી ખોટી શ્રદ્ધા કરીશ નહીં. કાળ હલકો છે ને શક્તિહીન હોય તો તું એવી ખોટી શ્રદ્ધા કરીશ નહીં. વીતરાગતા ન પ્રગટે તો આડું-અવળું ગોટો વાળીશ નહીં. શક્તિહીન હો તો કેવળ નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન કરજે.—એ જ કર્તવ્ય છે. શ્રદ્ધામાં ગોટા વાળ્યા તો ૮૪ના અવતારમાં હાથ નહિ આવે, મરી જઈશ! કેવળ એક નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન જ

કર્તવ્ય છે. વસ્તુ તો ત્રિકાળ નિરાવરણ છે, તેના અવલંબને જ મુક્તિની ને મુક્તિના માર્ગની ઉત્પત્તિ છે, બીજો કોઈ રસ્તો છે નહિ. દર્શનપાહુડમાં કહ્યું છે કે શ્રદ્ધાભ્રષ્ટ નહીં હોય ને ચારિત્રભ્રષ્ટ હશે તો તેની મુક્તિ થવાની જ. કેમ કે તેને ખ્યાલ છે કે આ દોષ છે તેથી તે દોષને ટાળશે ને મુક્તિ પામશે. માટે ભગવાનને પકડી રાખજે, તેની શ્રદ્ધાન રાખજે, એ જ કર્તવ્ય છે.

*

## □ પોતાની પર્યાય પણ પરદ્રવ્ય □

પંચમ આરાના સંતો પંચમ આરાના શ્રોતાઓને પોકાર કરીને કહે છે કે તું એકરૂપ પૂરણ પ્રભુ છો, તે જ આશ્રય કરવા લાયક છે. ત્રિકાળી એકરૂપ જ્ઞાયક પ્રભુનો આશ્રય કરનારી પર્યાય પણ આશ્રય કરવાયોગ્ય નથી. સનાતન સત્ એક જ ઉપાદેય છે ને એક સમયની મુદતવાળી પર્યાય ઉપાદેય નથી. ત્રિકાળી એકરૂપ વસ્તુને તથા લોકાલોકને જાણનારી પર્યાય પણ ઉપાદેય નથી. ઔદયિકાદિ ચારે ભાવો શુદ્ધ નિશ્ચયનયના બળે હેય છે, કેમ કે તેઓ પરસ્વભાવો છે અને તેથી જ તે પરદ્રવ્ય છે. સ્ત્રી, પુત્ર, પૈસા આદિ પરદ્રવ્યો તો ક્યાંય રહ્યાં, પણ જે એની પર્યાય છે, નિર્મળ પર્યાય છે તે પણ પરદ્રવ્ય છે. કેમ કે જેમ પરદ્રવ્યમાંથી પોતાની આનંદની પર્યાય આવતી નથી, તેમ ક્ષાયિક આદિ પર્યાયમાંથી પણ નવી આનંદ આદિની પર્યાય આવતી નથી માટે તેઓ પરદ્રવ્ય છે. પર્યાયમાત્રને પરદ્રવ્ય કહીને હેય કહ્યું તો સ્વદ્રવ્ય કોણ?—કે ત્રિકાળી અનંત ગુણાત્મક શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય છે. પરંતુ એ સ્વદ્રવ્યના આશ્રયે પણ તારું કાર્ય નહિ થાય, કેમ કે ત્રિકાળી અનંત ગુણાત્મક શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય છે તે ભેદરૂપ છે ને ભેદના આશ્રયે તારું કાર્ય નહિ થાય. પરંતુ જે સ્વદ્રવ્યનો આધાર છે, જેનું લક્ષણ સહજ પરમપારિણામિકભાવ છે એવો કારણ સમયસાર એક જ આશ્રય કરવા લાયક છે, આદરવા લાયક છે ને ઉપાદેય છે.

*

## □ પર્યાયને ગૌણ કહી છતાં અનુભવમાં તો પર્યાયની જ મુખ્યતા છે □

શાસ્ત્રમાં જ્યાં ને ત્યાં અપરિણામી નિજ આત્મદ્રવ્યનો આશ્રય લેવાનું કહ્યું છે, કારણ કે સાર તો એ જ છે તેથી ત્રિકાળીને ભૂતાર્થ કહ્યો ને પર્યાયને ગૌણ કરી અભૂતાર્થ કહીને નથી એમ કહ્યું છે. પરંતુ ગૌણ કહેતાં કાંઈ પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. અપરિણામી ઉપર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે, પરંતુ અનુભવ તો પર્યાયનો જ થાય છે. પર્યાયને ગૌણ કરે છે ત્યારે પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય છે. લક્ષની અપેક્ષાએ પર્યાયને ગૌણ કહી, બાકી છે તો પર્યાયની જ મુખ્યતા, કારણ કે દ્રવ્યનો અનુભવ થતો નથી. દ્રવ્યનું લક્ષ કરતાં જે વીતરાગતા પ્રગટ થાય છે એ જ મુખ્ય છે. વેદનમાં આવે એ જ મુખ્ય છે. લક્ષની અપેક્ષાએ ભલે ગૌણ કહ્યું પણ જે વેદન આવ્યું એ વેદનને તું ગૌણ ન કરીશ. જે આનંદ પોતાને પ્રત્યક્ષ વેદાય એ જ મુખ્ય છે. પર્યાય સ્વભાવને લીધે વીતરાગી આનંદ તો સમયે સમયે થયા જ કરે છે. એને ગૌણ કરી શકાય એવી કોઈ તાકાત નથી. ત્રિકાળીનું વેદન હોતું નથી માટે જેનું વેદન છે તેની મુખ્યતાના ઢંઢેરા પીટાય છે.

*

## □ પ્રથમમાં પ્રથમ આત્માને જાણ □

અનાદિથી આજ પર્યંત જે સાધ્ય આત્માની સિદ્ધિ થઈ નથી તે સાધ્ય આત્માની સિદ્ધિની વિધિ દૃષ્ટાંતપૂર્વક આચાર્ય મહારાજે અહીં સમજાવી છે. જિજ્ઞાસુઓને પણ એ પ્રશ્ન થતો હોય છે કે પ્રથમ શું કરવું ?–તેને અહીં કહે છે કે ભાઈ! પ્રથમમાં પ્રથમ તારે આત્માને જાણવો. ભલે અનાદિકાળથી પર્યાયમાં વિકાર સાથે મિશ્રિતપણું અનુભવાઈ રહ્યું હોવાથી અઘરું તો લાગે, પરંતુ ભેદજ્ઞાનની પ્રવીણતા વડે રાગ અને આત્માને ભિન્ન ભિન્ન લક્ષણથી

'આ અનુભૂતિ છે તે જ હું છું'—એમ આત્માને પ્રથમ જાણવો. એ રીતે જ્ઞાનમાં જેવો આત્મા જણાયો તેવી પ્રતીતિ કરીને તેમાં ઠરવાથી સાધ્યની સિદ્ધિ થાય છે.

આચાર્ય મહારાજે અહીં પ્રથમમાં પ્રથમ આત્મા જાણ એમ જાણવા ઉપર ભાર મૂકયો છે, કેમ કે એ જાણી શકાય છે. કારણ કે આબાળગોપાળ સૌને સદાકાળ અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા પોતે જ અનુભવાય છે. અજ્ઞાની હોવા છતાં સદાકાળ ભગવાન આત્મા અનુભવાય છે. કેમ કે જ્ઞાનની વર્તમાન દશાનો સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી સ્વ જણાય છે. પરંતુ તેનું લક્ષ પર તરફ હોવાથી જાણનારો જણાવા છતાં તેને જાણતો નથી. તેથી કહે છે કે જે સદાકાળ અનુભવાઈ રહ્યો છે એવા ભગવાન આત્માને પ્રથમમાં પ્રથમ જાણ.

*

## □ તારા પરમાત્મસ્વરૂપની ધૂન લગાવ □

નિરંતર કલ્યાણમય એવા પરમાત્મતત્ત્વને વિષે દેહ–મન–વાણી ઉદયભાવ તો નથી જ, રાગ તો નથી જ પણ ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. આહાહા! પરમાત્મતત્ત્વ તો સદાય શુદ્ધ જ છે. પર્યાયમાં ધ્યાનની જમાવટ જામી છે, આનંદની પરિણતિ જામી છે એવી પર્યાય પણ પરમાત્મતત્ત્વમાં હોવાનું શુદ્ધનય કહેતો નથી. આહાહા! પોતાને....પામર....પામર....પામર માની લીધો છે અને પોતે સદાય પરમાત્મા છે એમ બેસવું કઠણ પડે છે. તેણે પોતાને સાધારણ પ્રાણી માની લીધો છે. હું માણસ છું ને ઢોર છું, રોગી છું, ભોગી છું, ભિખારી છું. એવું દીનપણું માની લીધું છે, તેને અંદરનું પરમાત્મપણું બેસવું કઠણ પડે છે. પણ અરે ભાઈ! તારા જેવું કોઈ ધનાઢ્ય નથી! તારા અંદરમાં પરમાત્મા બિરાજે છે એથી વિશેષ ધનાઢ્યપણું શું હોઈ શકે? આવું પરમાત્મપણું સાંભળીને એને અંદરથી ઉલ્લાસ ઊછળવો જોઈએ. એની લગની લાગવી

જોઈએ. એને માટે ગાંડા થવું જોઈએ. આવા પરમાત્મસ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચો ધૂન લાગે તો જે સ્વરૂપ અંદરમાં છે તે પ્રગટ થયા વિના કેમ રહે? જરૂર પ્રગટ થાય જ.

*

સંતોના કોલ કરાર :—

## □ અમે જ્યારે સિદ્ધપણાને પામીશું ત્યારે શ્રોતાઓ પણ સિદ્ધપણાને પામશે જ □

શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર શાસ્ત્રની પહેલી ગાથા ઉપર અધ્યાત્મઘોલનની મસ્તીથી ખૂબ જ ભાવવાહી શૈલી દ્વારા શ્રી કુંદકુંદદેવના તથા શ્રી અમૃતચંદ્રદેવના ઊંડા ઊંડા ભાવોનું શ્રોતાઓને અમૃત પાન કરાવતાં આશીર્વચનરૂપે તેઓશ્રીએ ફરમાવ્યું કે આચાર્યદેવ એમ કહે છે કે જે અનંતા અનંતા સિદ્ધો થઈ ગયા તેને મારી અને શ્રોતાની પર્યાયમાં સ્થાપું છું. પ્રભુ! મારી પર્યાયમાં આપ પધારો, મારી પર્યાય આપને પધરાવવા જેવી લાયક છે. અનંત સિદ્ધોને મારી ને તારી અલ્પજ્ઞ પર્યાય સંઘરી શકે એવી તાકાતવાળી છે. જેમ વાર-ક્વાર હોય ને આગળના શુભ દિને પસ્તાનું મૂકે તેમ અત્યારે વાર-ક્વાર પંચમકાળ હોવાથી અમે પર્યાયમાં અનંતા સિદ્ધોનું પસ્તાનું મૂકયું છે તેથી અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ. શ્રોતાઓમાં પણ અમે અનંતા સિદ્ધો સ્થાપીયે છીએ તેથી જ્યારે અમે સિદ્ધપણાને પામીશું ત્યારે શ્રોતાની ટોળી પણ સિદ્ધપણાને પામશે જ—એમ આચાર્યદેવ શ્રોતાને આશીર્વચન કહે છે. આચાર્ય મહારાજ કહે છે કે તારી પર્યાયની એટલી તાકાત હું જોઉં છું કે તું તારી પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપી શકે તેમ છે અને તું પણ તેમ જોઈ શકે તેમ છે. આહાહા! કોણ જાણે આ ગાથામાં શું શું ભર્યું છે! કહે છે કે અમે કેવળી પાસે જે સાક્ષાત્ સાંભળ્યું છે ને શ્રુતકેવળી પાસે ચર્ચ્યું છે તથા અમને અનુભવથી બેઠું છે એવું આ સમયપ્રાભૃત જેને કહીશ તે સિદ્ધપણું પામશે જ. તારી પર્યાયમાં સિદ્ધોને સ્થાપ્યા

છે તેથી તું અલ્પજ્ઞપણે ને રાગપણે રહી શકશે નહીં, હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ ને સર્વજ્ઞ થઈશ–એમ હે શ્રોતા તું નિઃસંદેહ જાણ. આહાહા! જોર તો કેટલું છે! સિદ્ધને હેઠે ઉતારે છે! પ્રભુ! તમે ઉપર અમે હેઠે. તમે જરી અહીં આવો, હું પછી તમારી પાસે આવીશ. પ્રભુ! આપ મારી પર્યાયમાં પધારો, પછી જ્યાં તમે છો ત્યાં હું આવીશ. એ રીતે સિદ્ધોને પર્યાયમાં સ્થાપીને શુદ્ધાત્માને કહીશ, તેથી તેને લક્ષમાં રાખીને અમારી વાત સાંભળજે. એમ આચાર્ય મહારાજ માંગલિકરૂપે પહેલી ગાથામાં કહે છે.

*

## અર્હંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને ખરેખર જાણનાર, આત્મા જાણે છે.

અનાદિથી જે મોહની સેના છે તેને કઈ રીતે જીતવી? તેને જીતવાનો ઉપાય શું?—એ ઉપાય આચાર્ય મહારાજ અહીં બતાવે છે. જેણે ત્રણકાળ ત્રણલોકને એક સમયમાત્રમાં જાણી લીધા છે એવા અર્હંતદેવના દ્રવ્યને, ગુણને ને પર્યાયને પ્રથમ ખરેખર જાણવા. ખરેખર એટલે?—કે તેમને જાણીને પોતે પણ તેમના જેવો છે એમ મેળવણી કરવા માટે સ્વના લક્ષે અર્હંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણવા. હું અર્હંતદેવની નાતનો ને જાતનો જ છું એમ આત્માને જાણવાના લક્ષે અર્હંતદેવના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણવા. એ રીતે રાગમિશ્રિત દશામાં પોતાનો આત્મા પણ દ્રવ્ય–ગુણ–પર્યાયમય છે એમ વિકલ્પમાં આત્માને કળી લેવો. જેવો અર્હંતદેવનો આત્મા છે તેવો જ તેની નાતનો ને જાતનો મારો આત્મા છે. એમ મનથી કળી લેવો. ત્રિકાળી કાયમ રહેનારું ધ્રુવ ચેતનતત્ત્વ તે દ્રવ્ય છે. ચૈતન્ય આદિ અનંતા ગુણો છે અને તેની એક સમયમાત્રની મર્યાદાવાળી પર્યાયો છે તેમ અર્હંતદેવને ખરેખર જાણીને પોતાને કળી લેવો. એ રીતે રાગમિશ્રિત દશામાં આત્માને કળીને વર્તમાન પર્યાયનું લક્ષ છોડીને, ગુણગુણીના વિકલ્પનું પણ લક્ષ છોડીને વર્તમાન પર્યાયને દ્રવ્ય સન્મુખ કરીને

કેવળ આત્માનું લક્ષ કરવાથી નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પમાય છે કે જેના નિષ્કંપ નિર્મળ પ્રકાશ વડે મોહઅંધકાર પ્રલય પામે છે. મોહની સેનાને જીતવાનો આ ઉપાય છે.

*

## □ વિકારનો કર્તા અજ્ઞાની પોતે છે પુદ્‌ગલકર્મ તેનો કર્તા નથી □

અજ્ઞાની એમ માને છે કે રાગાદિ અશુદ્ધતાનો કર્તા પુદ્‌ગલકર્મ છે તેની સામે અહીં વાત કરી છે કે જ્યાં સુધી આત્માની સમ્યક્ શ્રદ્ધા પૂર્વક આત્માનું જ્ઞાન નથી તેટલો કાળ રાગાદિ અશુદ્ધતાનો કર્તા જીવ પોતે જ છે, કેમ કે અજ્ઞાની રાગાદિ સાથે વ્યાપ્ય-વ્યાપકપણે પરિણમે છે. મિથ્યાત્વ આદિ ચેતનારૂપ અશુદ્ધ પરિણતિનો કર્તા અચેતન કર્મ નથી પણ અજ્ઞાની પોતે જ તેનો કર્તા છે. કર્મનો ઉદય આવે છે માટે જીવને રાગાદિ કરવા પડે છે એમ માને છે તે મિથ્યાત્વ છે, કેમ કે જો કર્મ રાગાદિનો કર્તા હોય તો સુખ-દુઃખાદિના ભોક્તાપણાનો કર્મને પ્રસંગ આવે. સુખ-દુઃખાદિનો ભોક્તા તો જીવ છે માટે જીવ રાગાદિ અશુદ્ધતાનો કર્તા છે, કર્મ તેનો કર્તા નથી.

*

## □ પૂજ્ય ગુરુદેવશ્રીની રાત્રિચર્ચા તથા સહજ ઉદ્‌ગારો □

અહો! જ્ઞાનસ્વભાવનું માહાત્મ્ય કેટલું છે! સામર્થ્ય કેવું છે! એનું જગતને ભાન નથી. આકાશના અનંતા પ્રદેશો છે, તેમાં અહીંથી (કોઈ જગ્યાથી) તેની ગણતરી કરતાં આકાશનો છેલ્લો પ્રદેશ કયો? તેનો અંત છે જ નહિ, કાળના અનંત સમયો છે તેમાં વર્તમાન સમયથી ગણતાં કાળનો છેલ્લો સમય કયો? તેનો અંત છે જ નહીં, તેમ દ્રવ્યો અનંતા છે તેની ગણતરી કરતાં છેલ્લું દ્રવ્ય કયું? તેનો અંત છે જ નહીં, તેમ એક જીવ દ્રવ્યના જ્ઞાન-દર્શન આદિ ગુણ આકાશના પ્રદેશ કરતાં પણ અનંતગુણા છે, તેમાં

છેલ્લો ગુણ કયો? તેનો અંત છે જ નહીં. આહાહા! ગજબ વાત છે, જ્ઞાનનો પર્યાય જ્ઞેયપ્રમાણ છે ને જ્ઞેય લોકાલોક છે, જેનો પાર નથી એવા અપાર અનંતાનંત દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને જ્ઞેય બતાવનારી એક સમયની જ્ઞાનપર્યાયનું સામર્થ્ય કેટલું? તાકાત કેટલી? એ એક સમયની પર્યાયમાં અનંતાનંત જ્ઞેય–પ્રમાણ જ્ઞાનની પર્યાયના અવિભાગપ્રતિછેદ કેટલા? એનો છેલ્લો પ્રતિછેદ કયો? આહાહા! ગજબ વાત છે, સિદ્ધ થાય તેની આદિ ગણાય પણ અંત નથી, સિદ્ધ થાય તેના ભવનો અંત–છેડો તો આવી ગયો પણ તેનો પહેલો ભવ કયો? અનાદિ છે, તેની શરૂઆત છે જ ક્યાં? અંત વિનાના દ્રવ્યો છે તેનો અંત આવે કેમ? અંત વિનાના ભાવ છે તેનો અંત આવે કેમ? આહાહા! આટલા આટલા અનંતા જ્ઞેયો છે એને જાણનાર જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે. આવા અનંત પદાર્થોને શ્રુતજ્ઞાનમાં જ્ઞેય બનાવ્યા એની પર્યાયમાં વિષયોનો રસ રહી શકે નહીં, રાગ રહે પણ રાગનો રસ રહી શકે નહીં. આહાહા! આત્મવસ્તુ જ કોઈ એવી અદ્ભૂત ચમત્કારિક છે કે એનું શું કહેવું ભાઈ!

*

## સ્વને પોતાપણે જાણે ને પોતારૂપ પરિણમે તે સ્વસમય

શ્રી સમયસારની પહેલી ગાથામાં આચાર્ય મહારાજે પોતાની ને શ્રોતાઓની પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપીને કહ્યું કે હું સમયપ્રાભૃત કહીશ; તેથી અહીં બીજી ગાથામાં સમય એટલે શું તે સમજાવતાં કહે છે કે એક જ વખતે પરિણમવું ને જાણવું એ બે ક્રિયાઓ જેમાં હોય તેને સમય કહે છે. જાણવું અને પરિણમવું એ બન્ને ક્રિયાઓ એક જ વખતે જીવમાં થતી હોવાથી સમયનો અર્થ જીવદ્રવ્ય થાય છે. એ જીવદ્રવ્ય કેવું છે?—કે એ જીવદ્રવ્ય ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યમયી સત્તાસ્વરૂપ છે, દર્શનજ્ઞાન–જ્યોતિસ્વરૂપ છે, અનંતધર્મસ્વરૂપ છે, ક્રમવર્તી ને સહવર્તી સ્વભાવરૂપ છે. સ્વપર

પ્રકાશક એક જ્ઞાનાકારરૂપ છે, અન્ય પાંચ દ્રવ્યોથી ભિન્ન છે તથા એક ટંકોત્કીર્ણ ચૈતન્યસ્વભાવરૂપ જીવદ્રવ્ય છે; તેને સમય કહે છે. જે જીવ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનાર ભેદજ્ઞાન જ્યોતિ ઉદિત થવાથી, એક જ વખતે સ્વને પોતારૂપે જાણે તથા પોતારૂપે પરિણમે તેને હે જીવ! તું નિશ્ચયથી સ્વસમય જાણ, જે જીવ મોહરાગદ્વેષાદિ ભાવો મારા છે એમ જાણે ને તેમાં એકત્વપણે પરિણમે તેને હે જીવ! તું નિશ્ચયથી પરસમય જાણ.

*

## હે જીવ! સ્વમાં એકત્વપણે પરિણમવું એ તારી શોભા છે.

આ લોકમાં સર્વ પદાર્થો એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી જ સુંદરતા પામે છે—એમ કહીને દરેક પદાર્થની મર્યાદા સિદ્ધ કરી છે કે દરેક દ્રવ્ય કાં તો વિકૃત દશારૂપે ને કાં તો અવિકૃત દશારૂપે પરિણમે એટલું જ તેનું કાર્યક્ષેત્ર છે. કોઈ પણ પદાર્થ અન્ય પદાર્થના દ્રવ્ય-ગુણને તો સ્પર્શતો નથી પણ અન્ય દ્રવ્યની પર્યાયને પણ સ્પર્શતો નથી તેથી એક દ્રવ્યની પર્યાય અન્ય દ્રવ્યની પર્યાયને શું કરે? જીવ રાગરૂપે પરિણમે તેમાં કર્મનો ઉદય રાગને સ્પર્શતો નથી તેથી કર્મ જીવને રાગરૂપે શી રીતે પરિણમાવે? દરેક દ્રવ્ય પોતપોતાના વિરુદ્ધ કે અવિરુદ્ધ કાર્યના હેતુપણાથી ટકી રહ્યું છે અને એ રીતે અનંત પદાર્થસ્વરૂપ વિશ્વ અનંતપણે ટકી રહ્યું છે. એ રીતે દરેક પદાર્થ પોતાના ગુણપર્યાયને ચુંબે છે પણ અન્યને ચુંબતુ નથી એમ કહીને આત્માની વાત કરી છે કે એકેન્દ્રિયથી માંડીને દરેક દ્રવ્ય પોતપોતાના દ્રવ્યસ્વભાવે તો શુદ્ધ હોવાથી સુંદર છે જ પરંતુ સુંદરતારૂપે પરિણમે તે બધુંય સુંદર છે. ત્રિકાળી સ્વભાવની સાથે એક સમયના મોહ-રાગ-દ્વેષનો સંબંધ તે અણાત્મપણું છે, તે પરસમય છે, તે અશોભનીક છે. પુણ્ય-પાપના ભાવ મારા છે એમ જે પરિણમે છે તે મિથ્યાત્વ છે, તેનાથી વિસંવાદ ખડો થાય છે,

તેનાથી જીવ શોભા પામતો નથી. ચૈતન્યનું જે ત્રિકાળીક સ્વરૂપ છે તેનો વિચાર કરવામાં આવે તો એકપણું જ શોભનીક છે, વસ્તુ સુંદર જ છે પણ તે સુંદરપણે પરિણમે તે જ તેની શોભા છે.

*

## □ સંતોની કરુણા □

રે દુરાત્મન્! હે દુષ્ટ આત્મા!! અરે તું શું માને છે! રાગથી ભિન્ન ચૈતન્ય ચમત્કાર તારી ચીજ છે તેને તો તું જાણતો ને માનતો નથી ને રાગાદિને તારી ચીજ માને છો! તારી દૃષ્ટિ મૂઢ છે. રાગમાં સુખબુદ્ધિ છે તેથી આનંદકંદ પ્રભુ ઢંકાઈ ગયો છે. રાગના વિકલ્પમાં સુખ છે, મજા છે એમ માનનારને સ્વભાવભાવ ઢંકાઈ ગયો છે. બીજી રીતે રાગ છે તે અજીવ છે, એ અજીવ ભાવમાં રોકાવાથી તેને જીવભાવ ઢંકાઈ ગયો છે, રાગને જે દેખે છે તે અજીવને દેખે છે, અચેતનને દેખે છે. રાગ છે તે ચૈતન્યરૂપી સૂર્યનું કિરણ નથી એ કારણે રાગને અચેતન કહીને પુદ્ગલ કહ્યું છે. સાંભળવાનો જે રાગ છે એ રાગ પણ પુદ્ગલ છે. એ ચૈતન્યસ્વભાવથી વિપરીત સ્વભાવ છે. હે દુરાત્મન્! તું એ પુદ્ગલને તારો કેમ માને છે? એક બાજુ ૭૨ મી ગાથામાં ભગવાન કહ્યો. અહીં રાગને પોતાનો માનનારને, રાગ કરતાં કરતાં કલ્યાણ થઈ જાય એમ માનનારને સંતોએ રે દુરાત્મન્! રે આત્માનો ઘાત કરનારા! એમ કહ્યું. રાગના કણને પોતાનો માનનાર આત્મઘાતક છે. રાગની વૃત્તિનો જેને રાગ છે તે આત્માનો ઘાત કરનારા છે, તેથી કરુણાથી સંતો અપ્રતિબુદ્ધને કહે છે કે રે આત્મઘાતી! તેં આત્માના શુદ્ધસ્વભાવનો અનાદર કર્યો માટે આત્માનો ઘાત કર્યો છે. શાસ્ત્ર શ્રવણનો રાગ હો કે શાસ્ત્રવાંચનનો રાગ હો પણ એ પુદ્ગલ છે. તેમાં ચૈતન્યના પ્રવાહ ન આવ્યા. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમાં ભગવાન ચૈતન્યના પ્રવાહ આવ્યા છે પણ દયા–દાન આદિના રાગમાં ચૈતન્યના રસનો અંશ પણ નથી આવ્યો ને તેને તું તારા માનીને ત્યાં રોકાઈ ગયો માટે તું આત્મઘાતી છે. રાગ છે તે પુદ્ગલ

છે, એ પુદ્ગલને પોતાના માનનારા આનંદના નાથનો ઘાત કરે છે. સંતોની કરુણા તો જુઓ! 'રે આત્મઘાતી!' આહાહા! દયા-દાન આદિ રાગ છે એ રાગની વૃત્તિને તું પોતાના માને છો ને સત્‌સ્વરૂપ ભગવાનનો તું અનાદર કરે છે, માટે તું આત્મઘાતી છે. મહાપ્રભુ જ્ઞાતા-દૃષ્ટાના અસ્તિત્વનો તેં ઘાત કર્યો છે ને રાગના આદરથી તેં પુદ્ગલમય તારું જીવન કર્યું છે. જેમ હાથી લાડવા આદિ સ્વાદિષ્ટ ભોજનને પડસા-તૃણ સહિત ખાઈ જાય છે, તેમ રાગના સ્વાદનો આસ્વાદ લેવાનું તું છોડ, છોડ. રાગ મારો છે એવો અનુભવ તું છોડ, છોડ. જેને તું ધર્મ માને છે એ દયા-દાન આદિ રાગ છે, પુદ્ગલ છે, અચેતન છે, તેને મારા માનવાનું છોડી દે. સુખી થવું હોય ને ધર્મપંથમાં જવું હોય તો એમ માનવું છોડી દે. કેમ કે સમસ્ત વિશ્વને પ્રકાશનારા સર્વજ્ઞદેવે જીવને ઉપયોગ સ્વરૂપ દેખ્યો છે તે પુદ્ગલ દ્રવ્યરૂપ કેમ થઈ જાય? તે રાગરૂપે કેમ થઈ જાય? કે જેથી તું પુદ્ગલને તારા માને છો! જાણન-દેખનરૂપ નિત્ય ઉપયોગલક્ષણ સ્વરૂપ જીવદ્રવ્ય છે એ રાગમાં અજીવમાં ક્યાંથી આવી જાય? સર્વજ્ઞ ભગવાને આત્માને ઉપયોગ લક્ષણ સ્વરૂપ દેખ્યો છે ને હે દુરાત્મન્! તું રાગાદિને તારા માને છો એ ક્યાંથી આવ્યું? માટે રાગાદિ પુદ્ગલને તારા માનવા છોડી દે. પ્રકાશ અંધકારરૂપ કે અંધકાર પ્રકાશરૂપ કદી કેમ થાય? તેમ નિત્ય ઉપયોગલક્ષણ જીવદ્રવ્ય રાગાદિરૂપ કે નિત્ય અણઉપયોગલક્ષણ રાગાદિ જીવદ્રવ્યરૂપ કદી કેમ થાય? માટે જીવદ્રવ્ય ને રાગાદિ જડ કદી પણ એક થઈ શકે નહીં. ભલે જીવ તથા રાગ ભિન્નપણે રહીને એકક્ષેત્રે રહે પણ બન્ને કદી પણ એકરૂપ થયા નથી ને થઈ શકતા નથી માટે તું સર્વ પ્રકારે પ્રસન્ન થા. પ્રભુ, તારી ચીજ કદી રાગરૂપે થઈ નથી માટે તું તારું ચિત્ત ઉજ્જ્વળ કરીને, સાવધાન થઈને રાગથી ભિન્નપણે આનંદ-સ્વરૂપનો અનુભવ કર. પ્રસન્ન થઈને ભેદજ્ઞાનપૂર્વક આ સ્વદ્રવ્ય તે જ મારું છે એમ અનુભવ કર.

*

## દેશનાલબ્ધિના યોગમાં

# □ દુર્લભ એવા આત્માના એકત્વની ઉપલબ્ધિ કર □

આત્માનું એકત્વપણું સર્વત્ર સુંદર છે એમ ત્રીજી ગાથામાં કહીને હવે અહીં કહે છે કે આત્માનું એકપણું સુલભ નથી. સમસ્ત જીવલોકને કામભોગબંધનની કથા સુલભ છે, કેમકે એકેન્દ્રિયથી માંડીને અજ્ઞાની પંચેન્દ્રિય સુધીના સમસ્ત જીવોને રાગનું કરવું ને રાગનું ભોગવવું એ તો અનંતવાર સાંભળવામાં–પરિચયમાં તથા અનુભવમાં આવી ગયું છે. નિત્યનિગોદનાં જીવને પણ કામભોગબંધનની કથા અનંતવાર સાંભળવામાં કેવી રીતે આવી?–કે કામભોગનું મૂળ એવા રાગનું કરવું ને ભોગવવું એવો અનુભવ નિત્યનિગોદના જીવને પણ હોવાથી તેણે પણ અનંતવાર કામભોગ બંધનની કથા સાંભળી છે. જેને કામભોગબંધનની કથા અનંતવાર શ્રુત–પરિચિત ને અનુભૂત છે–એવો સમસ્ત અજ્ઞાની જીવલોક સંસારરૂપી ચક્રના મધ્યમાં, નિરંતરપણે પંચપરાવર્તનરૂપ પરિભ્રમણને પામીને અનંત દુઃખમાં પિલાઈ રહ્યો છે. એવા સમસ્ત જીવલોકને મિથ્યાત્વરૂપી ભૂતડાએ વશ કરીને, બળદની જેમ પરના કર્તૃત્વનો ભાર વહેવડાવ્યો હોવાથી તૃષ્ણારૂપી રોગના દાહથી અંતરંગ પીડાતો થકો પાંચ ઇન્દ્રિયના વિષયોમાં ઘેરો ઘાલી રહ્યો છે. તેથી કામભોગસંબંધી બંધ કથા સમસ્ત જીવલોકને સુખે પ્રાપ્ત છે. સુલભ છે. પરંતુ અંતરંગમાં સદા પ્રગટ પ્રકાશમાન એવું આત્માનું એકપણું નિર્મળ ભેદજ્ઞાન જ્યોતિ વડે દેખાય એવું હોવા છતાં કષાયચક્ર સાથે એકરૂપ જેવું કરતો હોવાથી તથા એકત્વપણું કહેનાર ગુરુની સેવા નહીં કરી હોવાથી આત્માનું એકપણું પૂર્વે કદિ સાંભળવામાં આવ્યું નથી, પરિચયમાં આવ્યું નથી કે અનુભવમાં આવ્યું નથી તેથી તે સુલભ નથી.

*

* પર્યાયનો ફેર ભાંગવા માટે દ્રવ્ય–ગુણમાં ફેર નથી એવી દૃષ્ટિ કરતાં પર્યાયનો ફેર ભાંગીને પરમાત્મા થાય છે. (પૂ. ગુરુદેવ)

## □ દેખાદેખી □

બીજા છોકરાને ભણવા જતાં દેખી પોતે પણ ભણવા જાય, બીજાને વેપાર કરતાં દેખે એટલે પોતે પણ વેપાર કરવા લાગે, બીજાને લગ્ન કરતાં દેખે એટલે પોતે પણ લગ્ન કરે—એમ બીજાને કરતાં જોઈ જોઈ પોતે પણ તેમ કરવા માંડે—અહો ! જગત દેખાદેખી કરવામાં ટેવાઈ ગયું છે. અરે ! સમ્યગ્દષ્ટિ હોય તેને પણ વેપાર કરતાં દેખે, લગ્ન કરતાં દેખે, પૂજા–ભક્તિ આદિ કરતાં દેખે એટલે એ દેખાદેખીએ પોતે પણ તેમ કરવા માંડે, પણ સમ્યગ્દષ્ટિ તો અંદરમાં ભગવાનને દેખે છે એને દેખને! તારા અંતરમાં રહેલાં ભગવાનને દેખવાનો કોઈ દિ' પ્રયત્ન કર્યો છે? ભાઈ! તારા ભગવાનને દેખવાનો પ્રયત્ન કરવા જેવો છે. ભગવાનને દેખવાની દેખાદેખી કર તો તારું ભવભ્રમણ ટળશે.

*

## □ એકત્વ–વિભક્ત આત્માને સ્વાનુભવથી પ્રમાણ કર. □

દુર્લભ એવું આત્માનું એકત્વ–વિભક્તપણું મારા નિજ-વિભવથી દર્શાવીશ, પણ તું સ્વયં પોતાના અનુભવ–પ્રત્યક્ષથી પરીક્ષા કરીને પ્રમાણ કરજે એમ શિષ્યને આચાર્ય મહારાજ આદેશ આપે છે. હું તો મારા સમસ્ત નિજવિભવથી આત્માને દર્શાવીશ પણ તું એમને એમ હા એ હા ન કરતો પરંતુ પરીક્ષા કરીને પ્રમાણ કરજે. હું જે કહું તે તું ભાવભાસનથી પ્રમાણ કરજે, હા પાડજે, એમને એમ ઊભો ન રહીશ પણ પુરુષાર્થ ઉપાડજે. તું સાંભળવા આવ્યો છો અને હું તને મારા નિજ વૈભવથી દર્શાવું છું તો તું એ એકત્વ–વિભક્ત આત્માને પ્રાપ્ત કરજે.

જે નિજ વૈભવથી તને આત્મા દર્શાવું છું. તે નિજ વૈભવની ઉત્પત્તિમાં નિમિત્ત કોણ હોય?—કે સમસ્ત વસ્તુઓનો પ્રકાશ

કરનાર અને 'સ્યાત્' પદની મુદ્રાવાળા જિન પરમાગમ જ તેમાં નિમિત્ત હોય. કલ્પિત શાસ્ત્રોથી નિજવિભાવ પ્રગટ ન થાય. પાંચમા આરાના છેલ્લા ભાગમાં પણ જે સમ્યગ્દર્શન પામશે તેઓને સર્વજ્ઞની વાણી જ નિમિત્ત થશે, અન્ય કલ્પિત વાણી નિમિત્ત નહીં હોય. એ સર્વજ્ઞદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતની પરંપરા નિર્મળ-વિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન હતાં. બીજી રીતે કહીયે તો મુનિ એને કહીયે કે જે નિર્મળવિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન હોય. તેઓશ્રીની કૃપાથી અમને અપાયેલ શુદ્ધાત્માના ઉપદેશ વડે મારા નિજ વિભવનો જન્મ થયો છે કે જે પ્રચુર સંવેદસ્વરૂપ સ્વસંવેદનની મહોર-છાપવાળો છે. એવા મારા નિજવિભવ વડે હું તને શુદ્ધાત્મા બતાવીશ પરંતુ શબ્દ, વ્યાકરણ આદિના પ્રકરણમાં ક્યાંય ચૂકી જાઉં ને તને ખ્યાલ આવે તો ત્યાં ન રોકાતા, આત્માની મુખ્યતા હોવાથી, તારા પોતાના સ્વાનુભવપ્રત્યક્ષ વડે તું શુદ્ધાત્માને પ્રાપ્ત કરજે.

*

## ભેદ દ્વારા સમજાવતાં અભેદને લક્ષમાં લેતો શિષ્ય

એક પરમાર્થનો જ ઉપદેશ કરવો જોઈએ. વ્યવહાર શા માટે કહો છો?—જિજ્ઞાસુના એ પ્રશ્નનું સમાધાન કરાવવા આચાર્ય મહારાજ મ્લેચ્છના દૃષ્ટાંતથી સમજાવે છે કે આત્માના અજાણ એવા વ્યવહારીજનોને 'આત્મા' કહેતાં તેઓ આત્માને સમજી શકતાં નથી તેથી વ્યવહારથી આત્માને સમજાવ્યો છે, કેમ કે વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ કરવા કોઈ સમર્થ નથી. પરંતુ કયો વ્યવહાર? હાલે-ચાલે તે આત્મા, દયા-દાન-વ્રત-તપ-ભક્તિ કરે તે આત્મા—એમ નહીં હો! પરંતુ નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત તે આત્મા—એવા ભેદ વડે વ્યવહારથી અભેદને દેખાડ્યો છે. ભેદ વડે ભેદનું લક્ષ કરાવવું નથી પણ ભેદ વડે અભેદનું લક્ષ કરાવવું છે. સમજાવનારે

ને સમજનારે ભેદ-વ્યવહાર અનુસરવા લાયક નથી. વળી આચાર્ય મહારાજે પણ એવા શિષ્યને જ અહીં શ્રોતા તરીકે ગણ્યો છે કે 'આત્મા' શબ્દ સાંભળતા તેના અર્થને નહિ જાણવા છતાં કંટાળતો નથી પણ જિજ્ઞાસા પૂર્વક મેંઢાની જેમ કહેનારની સામે ટગટગ જોયા કરે છે અને જ્યારે 'આત્મા' શબ્દનો અર્થ સંતો સમજાવે છે કે 'દર્શન-જ્ઞાન-ચારિત્રને જે હંમેશા પ્રાપ્ત હોય તે આત્મા છે' ત્યારે એ પાત્ર શ્રોતાને આત્મા શબ્દનો અર્થ સમજાવતાં, તુરત અત્યંત આનંદ સહિત સુંદર બોધતરંગો-જ્ઞાનતરંગો ઊછળે છે. શ્રોતા પણ કેવો લીધો છે! આચાર્ય મહારાજ 'આત્મા' સમજાવે છે ત્યાં શ્રોતાને અતીન્દ્રિય આનંદ સહિત જ્ઞાનતરંગો ઊછળી ઊઠે છે. એ રીતે વ્યવહારનયને પરમાર્થનાં કહેનાર જાણી તેનો ઉપદેશ કરવામાં આવે છે કે દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત તે આત્મા. ત્યાં દર્શન-જ્ઞાન-ચારિત્રનું લક્ષ નથી કરાવવું. પણ દર્શન-જ્ઞાન-ચારિત્રને જે પ્રાપ્ત હોય તે આત્મા —એમ આત્માનું લક્ષ કરાવવું છે. આત્માના અજાણ વ્યવહારીજનોને 'આત્મા' કહેતા સીધો આત્માને સમજી શકતાં નથી, તેથી એટલા જ્ઞાન-દર્શનના વ્યવહાર વડે આત્માને બતાવ્યો છે પરંતુ જેમ બ્રાહ્મણે મ્લેચ્છ થવું યોગ્ય નથી તેમ સમજાવનારે કે સમજનારે એ વ્યવહારને અનુસરવું યોગ્ય નથી.

※

## બાર અંગનો સાર :
## નિજ શુદ્ધ આત્માની અનુભૂતિ કરો

અહીં બહુ સરસ વાત કરી છે. કોઈ એમ માને કે અમને શાસ્ત્રનો ઘણો અભ્યાસ છે એટલે એટલા આગળ વધ્યા છીએ. તો તેને કહે છે કે બાર અંગનું ક્ષયોપશમ જ્ઞાન તે પણ મોક્ષમાર્ગ નથી. સમ્યગ્દર્શન વિના બાર અંગનું જ્ઞાન હોય જ નહીં પરંતુ ક્ષયોપશમ જ્ઞાન તે મોક્ષમાર્ગ નથી. બાર અંગમાં પણ એમ જ કહ્યું છે કે નિજ શુદ્ધ આત્માની અનુભૂતિ કરો, અનુભૂતિ કરવી તે જ

મોક્ષમાર્ગ છે અને તે જ બાર અંગનો સાર છે. આત્માને અનુલક્ષીને આત્માને અનુભવવો તે અનુભૂતિ છે અને તે એક જ મોક્ષમાર્ગ છે. દયા–દાન કે પંચમહાવ્રતાદિ વ્યવહારરત્નત્રય તે મોક્ષમાર્ગ નથી.

*

## એકવાર તો સાંભળતા સંસારની હોંશ ઉડી જાય તેવું છે

અહીં આચાર્યદેવ કરુણાપૂર્વક સંબોધે છે કે રે અંધ જીવ! શુદ્ધ પરમાનંદ ચૈતન્યમૂર્તિ તું પોતે છો તેને તો તું દેખતો નથી અને દયા–દાન–વ્રત–તપ આદિ પુણ્ય ભાવ કે હિંસા–જૂઠું આદિ પાપ ભાવ અને તેના ફળરૂપ અનુકૂળ–પ્રતિકૂળ સામગ્રિમાં મૂર્છાઈને કેમ પડયો છે? અમૃતસ્વરૂપ ભગવાન એવો તું આ મૃતકકલેવરમાં મૂર્છાઈ ગયો છે. રે આંધળા! જે જાણવા લાયક છે એવાં જાણનારને તો તું જોતો નથી કે જે તારું સ્વપદ છે; અને જે અપદ છે, જે તારું સ્વરૂપ સર્વથા નથી એવા ચાર ગતિરૂપ મનુષ્ય આદિ પર્યાય, રાગાદિ અશુદ્ધભાવ તથા ઇન્દ્રિય વિષયજનિત સુખદુઃખની કલ્પનાને મારા માનીને તું તારા ચૈતન્યસ્વરૂપને ઘાયલ કરી રહ્યો છે, પણ એ તારું રક્ષણ નથી, તારું લક્ષણ નથી, તારું એ સ્થાન નથી. એ તારો માર્ગ નથી માટે તે પંથે ન જા, ન જા બાપુ! એ પંથે ન જા ભાઈ! એ તને ઘાયલ કરી નાખશે, માટે ત્યાંથી પાછો વળ ને આ માર્ગે આવ, જ્યાં રાગાદિ ભાવો નથી એવા શુદ્ધ સ્વરૂપ ચૈતન્યસ્વભાવમાં આવ, આવ. અનિત્યમાંથી ખસી જા, ખસી જા ને નિત્યાનંદ પ્રભુ છે ત્યાં આવ, તને શાન્તિ થશે ભાઈ!

આહાહા! આ કળશ ગજબ છે. એકવાર તો સાંભળતાં સંસારની હોંશ ઉડી જાય તેવું છે.

*

## □ ભાઈ! એકવાર તારા ચૈતન્યસ્વરૂપમાં તને સ્થાપ □

અનાદિ સંસારથી માંડીને આ જીવ પોતાના અપરાધથી ચાર-ગતિમાં રખડી રહ્યો છે, કર્મ રખડાવે છે માટે રખડી રહ્યો છે તેમ નથી. ત્રિકાળી ચૈતન્યનો મહિમા છોડી દઈને પુણ્ય-પાપના ભાવમાં સ્થિત થયો છે તે પોતાનો અપરાધ છે અને ત્યાંથી પાછો ફરીને પૂર્ણાનંદના નાથની દૃષ્ટિ કરે છે તે પોતાની પ્રજ્ઞાનો ગુણ છે, પ્રજ્ઞાના ગુણ વડે બહારથી ખસીને અંદરમાં વળે છે.

પ્રભુ! તું એકવાર રાગાદિથી પાછો વળીને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં તને અતિ નિશ્ચળપણે સ્થાપ. ગુણ-ગુણીના ભેદ-વિકલ્પ આદિ સમસ્ત પ્રકારની ચિંતા છોડી દઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને ધ્યા-અનુભવ. ભાઈ! તું રાગાદિમાં ન જા, ન જા, કૃતકૃત્ય આનંદના નાથ જ્ઞાયકનું એકનું જ અવલંબન લે, તારું જરૂર કલ્યાણ થશે.

*

## □ સમયસારના અભ્યાસનું ફળ પરમાનંદરૂપે પરિણમી જવું □

આહાહા! આ છેલ્લી ગાથામાં તો સારમાં સાર ભરી દીધો છે ભાઈ! તારું સ્વરૂપ તો સમસ્ત પદાર્થોને પ્રકાશનારું છે પણ અનંતા પરપદાર્થને કરનારો, રાખનારો કે છોડનારો તું નથી. પોતે પોતાને ને સમસ્ત પરપદાર્થને જાણનારો એવો વિશ્વસમય હોવાથી તેને પ્રતિપાદન કરનાર આ શાસ્ત્ર શબ્દબ્રહ્મ સમાન છે. એવા આ શાસ્ત્રને સ્વહિતના લક્ષે જાણીને, અર્થભૂત એવા ચૈતન્યસ્વરૂપ આત્માનો નિર્ણય કરીને જે પરમબ્રહ્મ ભગવાનમાં સર્વ ઉદ્યમથી સુસ્થિત થશે. તે અનાકુળલક્ષણ એવા ઉત્તમમાં ઉત્તમ પરમાનંદરૂપે સ્વયં પરિણમી જશે.

*

## સુવર્ણપુરી (સોનગઢ) સમાચાર :—

વીતરાગ દેવ-ગુરુની અનુપમ ભક્તિ તથા આત્માર્થલક્ષી તત્ત્વાભ્યાસના મનોજ્ઞ વાયુ-મંડળથી પુલકિત આ અધ્યાત્મસાધનાભૂમિ-પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનું સોનગઢ તીર્થસ્થાન-ઉત્સવોની હારમાળાથી હંમેશા ગૂંજતું રહે છે! એક ઉત્સવની સાથે જ બીજા ઉત્સવની આનન્દભીની તૈયારીની શરૂઆત થઈ જાય છે. આ વર્ષે પૂ. ગુરુદેવના આશીર્વાદ પાવન પ્રતાપથી વાંકાનેર, દિ. જૈનસંઘ તરફથી પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ૫૫ મી 'સમ્યક્ત્વ-જયન્તી' નો મંગળ મહોત્સવ ખૂબ જ આનંદોલ્લાસપૂર્વક ઉજવાયો. જેમાં મુંબઈ, મદ્રાસ, કલકત્તા, બેંગલોર, ખંડવા, અમદાવાદ તથા સૌરાષ્ટ્રના વિભિન્ન ગામોથી ૭૦૦ થી વધારે મહેમાન પધાર્યા હતા!....' ઉત્સવમાં દરરોજ વહેલી સવારે "હું પરમાત્મા છું....હું જ પરમાત્મા છું એમ પ્રથમ નક્કી કર." વિગેરે પૂજ્ય ગુરુદેવની આત્માર્થને જાગૃત કરનારી ગગનગૂંજી દિવ્યધ્વનિથી મુમુક્ષુસમાજ પ્રસન્નતા અનુભવતા હતા. ત્યારબાદ ચૌસઠઋદ્ધિ મંડળવિધાનપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન, આદરણીય પં. શ્રી હિમ્મતલાલભાઈ દ્વારા ભક્તિ, બપોરના પૂ. બહેનશ્રીની આધ્યાત્મિક તત્ત્વચર્ચા, બપોરે ૩ થી ૪ આવેલા વિદ્વાનોનું શાસ્ત્ર-પ્રવચન, આદરણીય પંડિતજી તરફથી વૈરાગ્ય તથા શાન્તરસભીની જિનેંદ્રભક્તિ વિગેરે વિવિધ કાર્યક્રમ નિયમિત ચાલતા હતા. સમ્યક્ત્વ-જયન્તિ (ફાગણ વદ-૧૦) ના દિવસે સમ્યક્ત્વરત્ન પૂજ્ય બહેનશ્રીના લગભગ ૧૦ મીનીટ પોતાની સ્વાનુભૂતિધારાથી પ્રવાહિત 'ગુરુભક્તિ-ભીના અસાધારણ તાત્ત્વિક 'બે શબ્દો સાંભળીને બધા અત્યન્ત આનન્દિત થયા હતા અને ઉત્સવમાં આવવાની બધા સાર્થકતા અનુભવતા હતા.

* પૂ. બેનશ્રીની ૫૫મી સમ્યક્ત્વ-જયન્તિના પ્રસંગ પર કાયમી મંડળવિધાનપૂ (૧) શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી તથા તેમના પરિવાર તરફથી તથા પ્રાસંગિ વિધાનપૂજા (૧) શ્રી દિ. જૈનસંઘ, વાંકાનેર (૨) છબલબેન તંબોળી, સોનગઢ.

* પૂ. બેનશ્રીની ૫૫મી સમ્યક્ત્વ-જયન્તિના પ્રસંગ પર પુસ્તકોનું કમિશન ૧ ટકા શ્રી કમળાબેન અમૃતલાલ, હ. જયવન્તભાઈ તથા દિનેશભાઈ મેઘાણી તથા ૧૫ ટ કમીશન સપાણી પરિવાર હૈદરાબાદ આ રીતે ૨૫ ટકા કમીશન દરેક પુસ્તકમાં આપ તથા વચનામૃત ભાગ ૪ ની પ્રકાશનની ખુશાલીમાં પુષ્પાબેન મનસુખલાલ દોશી તરફ વચનામૃત-પ્રવચન ભાગ ૪ની કિંમત ૨૫% ઓછી રાખી હતી તથા મહેતા ન્યાલચન્દભ વાંકાનેર તરફથી રૂ. ૧-૦૦ પ્રત્યેક પુસ્તકમાં ઓછો કરેલ હતો.

* અધ્યાત્મયુગ પ્રવર્તક મુમુક્ષુસમાજ પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી ૯૮મી જન્મજયન્તિ (વૈશાખ સુદ-૨) સોનગઢમાં ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુમં

તરફથી તા. ૨૫-૪-૮૭ થી તા. ૨૯-૪-૮૭ પાંચ દિવસ સુધી વિશેષ સમારોહપૂર્વક ઉજવાશે.

* સુરેન્દ્રનગરમાં તા. ૯-૫-૮૭ થી તા. ૧૧-૫-૮૭ સુધી ત્રણ દિવસ શ્રી જિનબિમ્બ-વેદી પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવશે. આની સૂચના આ જ અંકમાં બીજે જુઓ.

* વૈશાખ સુદ ૩ (૩૦-૪-૮૭) મુનિવર ભગવંતોને આહારદાનનું પર્વ; વૈશાખ સુદ ૧૦ (૮-૫-૮૭)-મહાવીર-કેવળજ્ઞાન કલ્યાણક, વૈશાખ વદ ૬ (તા. ૧૮-૫-૮૭) સોનગઢના સમવસરણ મન્દિરની ૪૬મી વર્ષગાંઠ પ્રતિષ્ઠાતિથિ, વૈશાખ વદ ૮ (તા. ૨૦-૫-૮૭) સોનગઢના સ્વાધ્યાયમન્દિર તથા તેમાં સમયસાર પરમાગમની સ્થાપનાનો ૫૦ મો વાર્ષિક દિવસ-આ બધા સુઅવસર પૂજા-ભક્તિ તથા જ્ઞાનોપાસનાપૂર્વક ઉજવાશે.

* પૂજ્ય ગુરુદેવના પરમ પ્રતાપથી મુમુક્ષુઓનો દૈનિક ક્રમ બરાબર ચાલે છે. પ્રાતઃ જિનેન્દ્રપૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનસાર-જ્ઞેયાધિકાર પર ટેપ પ્રવચન, મોક્ષમાર્ગ પ્રકાશક ઉપર શિક્ષણવર્ગ પુરુષો માટે, બપોરે સમયસાર કળશટીકા ઉપર શાસ્ત્ર પ્રવચન, જિનેન્દ્રભક્તિ, સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું 'સમયસારકળશ' પર ટેપ પ્રવચન ઘણા યાત્રિ અહીંના વ્યવસ્થિતરૂપથી ચાલી રહેલ કાર્યક્રમ જોઈને ખૂબ જ પ્રસન્નતા વ્યક્ત કરે છે.

* પૂજ્ય ગુરુદેવની સાધનાભૂમિની અનુપમ શોભા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું સ્વાસ્થ્ય સાધારણતઃ ઠીક છે. એમના પાવન દર્શન તથા એમની સ્વાનુભવરસભરી અધ્યાત્મતત્ત્વચર્ચાનો અમૂલ્ય લાભ મુમુક્ષુસમાજ તથા આવેલા મહેમાનોને યથા સમય મળ્યા કરે છે.

* પૂ. બેનશ્રીની ૫૫ મી સમ્યક્ત્વજયન્તિના પ્રસંગે ૫૫ ના અંકમાં રૂ. ૨૭,૩૯૦ (૪૯૮×૫૫) પ્રાપ્ત થયા છે તથા અલગ-અલગ ખાતામાં ૩૦૦૦-૦૦ આવેલા છે.

* સમ્યક્ત્વજયન્તિ' તથા એના આગળ-પાછળના દિવસોમાં પ્રશમમૂર્તિ-પૂજ્ય બેનશ્રી ચંપાબેનના ચરણોમાં તથા 'હાર'ના રૂપમાં આવેલી રકમ રુ. ૨૫૩૦૦ છે-તે શ્રી નંદીશ્વર જિનાલય તથા જ્ઞાનપ્રચાર ખાતામાં જાહેર કરેલ છે.

* ધન્યાવતાર પૂજ્ય બેનશ્રી ચંપાબેનને હીરાથી વધાવવાનો અમૂલ્ય લાભ મળ્યો એની ખુશાલીમાં—

રૂ. ૫૦૦૮-૦૦ સપાણી પરિવાર વાંકાનેર, મદ્રાસ, હૈદરાબાદ.

રૂ. ૫૦૧૧-૦૦ મગનલાલ ન્યાલચન્દ ફુલચન્દ મહેતા વાંકાનેર તરફથી સંસ્થાના નંદીશ્વર જિનાલય, જ્ઞાનપ્રચાર આદિ વિવિધ ખાતામાં જાહેર કર્યા છે. આ રીતે કુલ રૂ. ૧૦૦૧૯ દાનખાતામાં જાહેર થયા છે.

* આ રીતે આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન તથા જિનેન્દ્રમહિમા આદિના પુનિત વાતાવરણથી પૂજ્ય ગુરુદેવનું પવિત્ર તીર્થસ્થાન હંમેશા ગૂંજતું રહે છે. અહીંના સાધનાપ્રેરક પ્રશાન્ત વાયુમંડલથી પ્રભાવિત થઈને યાત્રીગણોને વિશેષ પ્રમોદ થાય છે.

—*—

## સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર)માં વેદી પ્રતિષ્ઠા–મહોત્સવ

અધ્યાત્મબોધદાતા જિનેન્દ્રમહિમાપ્રભાવક પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પુનિત પ્રતાપથી સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર)માં વિ. સં. ૨૦૧૦માં નિર્મિત તથા પ્રતિષ્ઠિત શ્રી શાન્તિનાથ દિગમ્બર જિનમન્દિરના સ્વાધ્યાયભવનમાં સંગેમર્મરનિર્મિત એક નૂતન ભવ્ય વેદીનું નિર્માણ કરાવીને, એમાં બિરાજમાન થનાર ધાતકીદ્વીપ-વિદેહક્ષેત્રના ભાવી જિનવરના ૩ા ફૂટ ઊંચા વીતરાગ ભાવવાહી પદ્માસન બિમ્બની —જેની પંચકલ્યાણક પાવન પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૪૧ માં પૂજ્ય ગુરુદેવની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં પંચમેરુ–નન્દીશ્વર–જિનાલયની પ્રતિષ્ઠાના પુનિત અવસર પર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની મંગળવર્ષિણી છત્રછાયામાં પૂર્ણ થઈ હતી. એમની વેદીપ્રતિષ્ઠાનો મંગળ મહોત્સવ વિ. સં. ૨૦૪૩, વૈશાખ સુદ ૧૧ થી ૧૩, તે રીતે તા. ૯–૫–૮૭ થી ૧૧–૫–૮૭ ત્રણ દિવસનો રાખેલ છે.

આ શુભ અવસર પર વેદીપ્રતિષ્ઠાના શુદ્ધઆમ્નાયાનુસાર શાસ્ત્રોક્ત મંગળ વિધિ વિધાન ઉપરાંત પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસભર વિડિયો–ટેપપ્રવચન, પૂજ્ય બેનશ્રીની વિડિયો–તત્ત્વચર્ચા, આવેલા વિદ્વાનોનાં શાસ્ત્ર પ્રવચન, વઢવાણ તથા ઘાટકોપરની દિ. જૈન ભજનમંડળી તરફથી જિનેન્દ્રભક્તિ વિગેરે ધર્મપ્રભાવનાના હેતુથી વિવિધ રોચક કાર્યક્રમ રાખેલ છે.

—*—

( ચૈતન્યની કોઈ અદ્‌ભુતતા ને........પૃષ્ઠ ૨ થી ચાલુ )

ગુરુદેવ આહાર લેવા પધારશે, હમણાં અહીં ગુરુદેવ એકાંતમાં બેસી નિજ સ્વાધ્યાય–મનનમાં લીન થશે' એમ સર્વત્ર ગુરુદેવના ભણકાર વાગે છે. ગુરુદેવ ભુલાતા નથી. એ પાવનમૂર્તિ નજરે તર્યા કરે છે. ગુરુદેવનાં એ સ્મરણો દ્વારા ગુરુદેવનાં પવિત્ર જીવન અને ઉપદેશને દૃષ્ટિ સમક્ષ રાખીને, આપણે તેઓશ્રીએ ચીંધેલા માર્ગે ચાલીએ, તેઓશ્રીની ગેરહાજરીમાં પણ પુરુષાર્થ વધારતા જઈએ—એ જ કર્તવ્ય છે.

*

ગુરુદેવ તો ગુરુદેવ જ હતા. તેઓ ( ભાવીના ) શલાકાપુરુષ હતા. તેમને અંદરમાં ચૈતન્યચમત્કાર પ્રગટ્યો હતો. તેમની દિવ્ય મુખમુદ્રા ઉપર જ્ઞાન–વૈરાગ્યની નિસ્પૃહતાભરી ખુમારી દેખાતી. તેમની આંખોમાં ચૈતન્યનું તેજ ને ચમત્કૃતિ હતી. તેમનો દેદાર જોતાં જ એમ લાગે કે આ મહાપુરુષ છે.

શાસ્ત્રોમાં ભરેલા ગહન ભાવો ખોલવાની ગુરુદેવમાં અજબ શક્તિ હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતા ગંભીર ભાવો સાંભળતાં ઘણી વાર એમ થતું કે 'આ તે શું શ્રુતસાગર ઊછળ્યો છે? આવા ગંભીર ભાવો ક્યાંથી નીકળે છે?' ગુરુદેવના જેવી વાણી ક્યાંય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર કેટલા મીઠા હતા?—જાણે કે સાંભળ્યા જ કરીએ. તેમના જેવું, આત્માને સ્પર્શીને નીકળતું એક વાક્ય પણ કોઈ બોલી શકતું નથી. અનુભવરસથી રસબસતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદા જ હતા;—પાત્ર જીવોના પુરુષાર્થને ઉપાડે અને મિથ્યાત્વના ભૂકા ઉડાડી દે એવી દૈવી વાણી હતી. આપણાં ભાગ્ય કે ગુરુદેવની એ મંગલમય કલ્યાણકારી વાણી ટેપમાં ઊતરીને જીવંત રહી.

કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવનો આપણા ઉપર અનંત અનંત ઉપકાર છે.

—પૂ. બહેનશ્રી

—*—

## 卐 ભરતક્ષેત્રનાં ભાગ્ય કે ગુરુદેવ અહીં જનમ્યા 卐

* ગુરુદેવનું દ્રવ્ય જ અલૌકિક હતું. તેમની વાણી પણ અલૌકિક હતી કે અંદર આત્માની રુચિ જગાડે. તેમની વાણીનાં ઊંડાણ ને રણકાર કંઈક જુદાં જ હતાં. વાણી સાંભળતાં અપૂર્વતા લાગે ને 'જડ–ચૈતન્ય જુદાં છે' તેવો ભાસ થઈ જાય એવી વાણી હતી. 'અરે જીવો! તમે દેહમાં બિરાજમાન ભગવાન આત્મા છો કે જે અનંત ગુણોનો મહાસાગર છે, મન–વચન–કાયાથી જુદો છે અને વિભાવથી પણ પેલે પાર છે. તે પ્રત્યક્ષ અનુભવગોચર ભગવાનને તમે અનુભવો; તમને પરમાનંદ થશે.'—આવી ગુરુદેવની અનુભવયુક્ત જોરદાર વાણી શ્રોતાઓને આશ્ચર્યચકિત કરતી. ઘણી પ્રબળ વાણી! સંસારનાં ઝેર ઉતારી નાખે; વિષય–કષાયને પાતળા કરી નાખે; પાપનો રસ તો નીતરી જ જાય, પરંતુ પુણ્યનો રસ પણ ન રહે; શુદ્ધ પરિણતિની અને શુદ્ધ જ્ઞાયક આત્માની લગની લગાડે એવી મંગળમય વાણી ગુરુદેવની હતી.

—o—

—પૂજ્ય બહેનશ્રી

Licence No. 3 'Licensed to post without prepayent'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/– પ્રત : ૩૪૦૦

356 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012